ॐ

"સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ" ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૮ ૧ મે-૨૦૧૭ પાના-૧૬ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી (ગાંધીજીને પત્ર)

મુંબઈ ફાગણ વદ ૫, શનિ, ૧૯૫૧

સુજ્ઞ ભાઈ શ્રી મોહનલાલ પ્રત્યે, શ્રી ડરબન.

પત્ર ૧ મળ્યું છે. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે. જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.

'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્ત્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્ત થઈ શકે છે', અને 'નિવૃત્ત થઈ શકવાનાં સાધન છે', એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને વિવેકજ્ઞાન અથવા સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

પુર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામે નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઈચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે. તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઈચ્છો છો તેથી સંસારક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે. એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે. એ જ વિનંતિ.

આ. સ્વ. પ્રણામ. **- શ્રીમદ્ રાજચંદ્રજી, પત્રાંક-૫૭૦**

## રવીન્દ્રવાણી

ઈશ્વરના કાર્યમાં કેવળ અંતે જ સંપૂર્ણતા હોય છે એમ નથી હોતું, તેને પગલે પગલે સંપૂર્ણતા હોય છે.

આનંદ જ્યારે જાગે છે ત્યારે તે બધાને બોલાવે છે તે એક કુંડાળામાં એકલો અટૂલો પૂરાઈ રહી શકતો નથી. તે કોઈને એમ કહેતો નથી કે 'તું દુર્બળ છે, તારામાં શક્તિ નથી.' કારણ આનંદ આગળ કોઈ મુશ્કેલી નથી. આનંદએ આનંદરૂપી સંપતિને જ એટલી સર્વભાવે અને નિબિડભાવે દેખે છે કે એ દુષ્પ્રાપ્ય છે એમ કહીને તે કોઈને પણ એનાથી વંચિત રાખવા ઈચ્છતો નથી-રસ્તો ગમે એટલો લાંબો અને મુશ્કેલ હોય, આ પરમલાભ આગળ તેનો કશો હિસાબ નથી એથી કરીને જગતમાં આજસુધી જે કોઈ મહાત્માને આનંદ દ્વારા એની પ્રાપ્તિ થઈ છે, તેમણે અમૃતભંડારના દ્વાર બધા માણસો માટે ખોલી દેવાનો પક્ષ કર્યો છે.

જે જાગરણને લીધે આપણે પોતાને સત્યમાં જોઈએ, જ્યોતિમાં જોઈએ, અમૃતમાં જોઈએ-જે જાગરણને લીધે આપણે રોજરોજની પોતાની રચેલી તુચ્છતાની સંકુચિતતાને ભેદીને પોતાને પૂર્ણતામાં વિકસિત કરીને જોઈએ, એ જાગરણમાં જ આપણો ઉત્સવ છે.

બધા સ્વાર્થો અને બધા અહંકારોથી પર એવા મારા મોટા ''હું'' ને સૌથી મોટા ''હું'' માં સ્થાપીને જોવાનો દિવસ એ જ આપણો મોટો દિવસ.

જગતમાં આપણું દરેકનું એક વિશેષ સ્થાન છે. આપણે દરેક એક એક વિશેષ ''હું'' છીએ. એ વિશેષત્વ બિલ્કુલ અટળ અને અતૂટ છે. અનંતકાળમાં અને અનંત વિશ્વમાં ''હું'' જેવો છું તેવું બીજું કોઈ નથી.

આ ''હું'' એક તરફથી બધાથી અલગ થઈને બીજી તરફથી બધાને જ પોતાના બનાવી લે છે.

અમે બધા અહીં યાત્રિઓ છીએ. તારા આશીર્વાદ લેવા ઊભા છીએ. સામે અમારો માર્ગ પડ્યો છે. આકાશમાં નવોદિત સૂર્યનો પ્રકાશ રેલાયો છે. ''सत्यज्ञानमन्तम् ब्रह्म'' અમારો મંત્ર છે. અમારા અંતરમાં આશાનો અંત નથી. અમે પરાભવ નહિ સ્વીકારીએ, અમે અવસાદને મચક નહીં આપીએ, અમે મક્કમ પગલે અને અસંકુચિત ચિતે ચાલીશું- બધા સ્વાર્થ, દૈન્ય અને જડતાને કચડતા બધા સુખદુ:ખો ઉપર થઈને અમે ચાલશું. તારા વિશ્વલોકમાં અનાહત તુરીનું જપવાદ્ય વાગતું હશે. ચારે દિશાઓથી આહવાન આવતા હશે, ''આવો, આવો, આવો'' અમારી નજર સામે ખુલી જશે ચિરજીવનનું સિંહદ્વાર-કલ્યાણ-કલ્યાણ-કલ્યાણ અંતર અને બહાર કલ્યાણ - आन्दम्, आन्दम्, परिपूर्णमान्दम्.

બ્રહ્મે મારો ત્યાગ કર્યો નથી. હું બ્રહ્મનો ત્યાગ ન કરું, એવી મારી પ્રાર્થના છે. તેણે મને બહારથી પકડી રાખ્યો છે. તેણે મને અંતરમાં પણ જાગૃત રાખ્યો છે. આપણે જો એમ કહીએ કે, તેને કેવળ અંતરના ધ્યાનમાં પ્રાપ્ત કરશું, બહારના કર્મમાંથી તેને બાદ કરશું કેવળ હૃદયના પ્રેમ વડે તેનો ભોગ કરીશું, બહારની સેવા વડે તેની પૂજા નહિ કરીએ અથવા બિલકુલ એથી ઉલટું જ કરીએ, અને એમ કરીને જીવનની સાધનાને જો કેવળ એક દિશામાં ઝૂકાવી દઈએ તો પ્રમત થઈને આપણું પતન થશે.

આધ્યાત્મિકતા અંતર અને બહારના યોગથી અપ્રમત હોય છે. સત્યની એકબાજુએ નિયમ, એક બાજુએ આનંદ. એક તરફ બંધનને ન સ્વીકારીએ તો બીજી તરફ મુક્તિ મળે એમ નથી. બ્રહ્મ એક બાજુ પોતાના સત્યથી બંધાયેલું છે, બીજી બાજુ પોતાના આનંદ દ્વારા મુક્ત છે. આપણે પણ સત્યના બંધનને જ્યારે સંપૂર્ણપણે સ્વીકારીએ ત્યારે જ મુક્તિના આનંદને સંપૂર્ણપણે પામીએ છીએ.

**- ''શાંતિ નિકેતન'' ભા.ઉજા માંથી સાભાર, અનુ. નગીનદાસ પારેખ.**

## મૌન -સાધનાપથનો અસરકારક આરંભ છે

મૌન બધી વસ્તુથી કંઈક જુદી વસ્તુ છે. મૌન તો રાજમાર્ગ પર ચાલતા થઈ જવા માટેનો ઉપાય છે. રાજમાર્ગ જીવનની યથાર્થતાને પામવા માટેનો રાજમાર્ગ, પ્રભુએ સર્જેલા જગતને તેના અર્થમાં સમજવાનો, આપણી આસપાસના સર્વ સાથે મધુર સંબંધોને પ્રભુમય જિંદગી તરફ ચાલતા કરી મુકવાનો કિમિયો મૌનમાં રહેલો છે. મૌન તમામ સિદ્ધિઓની જનેતા છે, તમામ સાધનાપથનો આરંભ છે. મૌન સ્વને પામવાનો સચોટ માર્ગ છે, મૌન દ્વારા આપણે આપણી જાત સાથે વાર્તાલાપ કરી શકીએ છીએ. આપણે સેંકડો માણસોને મળતા હોઈએ છીએ, પરંતુ આપણે આપણી જાતને ભાગ્યે જ મળતા હોઈએ છીએ. એના સાચા અર્થમાં ખરેખર કોણ છીએ તે જાણવા માટે મૌન છે. મૌનમાં બેસીએ છીએ ત્યારે ભીતર સાથે એક સંવાદનો આરંભ થઈ જાય છે. ચિંતનનો પ્રવાહ વહેવા માંડે છે. જન્મ ને મૃત્યુને જાણવાનો આરંભ થાય છે. જો મૌન એના સાચા અર્થમાં પાળી શકીએ તો રોજ આપણે મૃત્યુ પામી શકીએ છીએ ને રોજ આપણે આપણામાં નવો જન્મ ધારણ કરતાં રહીએ છીએ.

**- લે. ભૂપેન્દ્ર ત્રિવેદી,**

**''મૌનનો કરીએ આરંભ'' માંથી સાભાર.**

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી (ગાંધીજીને પત્ર), રવીન્દ્રવાણી | ૧ |
| મૌન-સાધનાપથનો આરંભ છે. | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૩ |
| જ્ઞાન વિનાની માહિતી | ૪ |
| કપાસિયા તેલ, ધ્યેય પ્રાપ્તિ માટે નિષ્ઠા જરૂરી | ૫ |
| આર્યુવેદનું વિશ્વવ્યાપી પુનરુત્થાન | ૬ |
| ગાયના ગોબરની રાખ | ૭ |
| સત્ય પરેશાન થઈ શકે છે. સંતો વદે, પ્રેમ | ૮ |
| પાછલા જન્મનું રહસ્ય, અમૂલ્ય જીવન | ૯ |
| તો સાક્ષાત્કાર સરળ છે | ૧૦ |
| ૧ કરોડ ગ્રીન પરિવાર | ૧૧ |
| આ છે જિન્દગીનો જાદુ, મારી આંખોની સંભાળ લેજે ડિયર | ૧૨ |
| મેરે દિલ મેં આજ, ફર્ટીલાઈઝરના શોધકની કબૂલાત | ૧૩ |
| અંત:કરણનો અવાજ | ૧૪ |
| લવાજમ મળેલ છે. | ૧૫ |
| કલિયુગમાં દાન | ૧૬ |

## તંત્રી સ્થાનેથી...

### ૐ શાંતિ - સર્વોત્કૃષ્ટ શુધ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિધ્ધિ

**ડાયરી બોલે છે...............૦૭.૦૯.૨૦૧૦**

આજે સાધનશુધ્ધિ અર્થે અઠમનો ત્રીજો દિવસ છે. આજે સવારે અહિંસાના પ્રયોગનો એક નવો આયામ સમજાયો. અહિંસા પ્રયોગમાં સ્વચ્છતા જ્યાં સ્વચ્છતા ત્યાં ભગવાન-એ પ્રથમ પગલું છે. આ કાર્યક્રમ પ્રથમ કેમ ? તેનો જવાબ આવો મળ્યો.

જૈન આગમમાં એક અનર્થદંડ-નકામી કારણ વગરની હિંસાનું વ્રત છે. આપણે કેટલી બધી કારણ વગર હિંસા અસ્વચ્છતાને લીધે કરીએ છીએ. કચરો-એઠવાડ ગમે ત્યાં ફેંકવો મળમૂત્રનો ત્યાગ ગમે ત્યાં કરવો. એ કર્યા પછી માટી પાસે હોય છતાં તેને માટીથી ઢાંકવા નહિ. ઘરમાં એંઠવાડના વાસણ કલાકો સુધી રાખી મુકવા. દુકાનવાળા કે રેંકડીવાળાઓ ધંધો કરે પણ તેનો એઠવાડ કચરો રોડ પર જેમતેમ ફેંકી જાય કુતરાઓ પાળીએ અને પછી સવારે એમનો મળમૂત્ર કરાવવા રોડ પર ફેરવીએ. આવી તો કેટલી આદતો છે અણસમજ કે ઘરેડને હિસાબે કરીએ છીએ.

મારું એકનું ઘર સ્વચ્છ રાખુ એથી કંઈ કામ નહિ થાય. બાજુ વાળો પણ સ્વચ્છતા રાખશે અને એમ સહુ સ્વચ્છતા રાખતા થાય તો જ એ સ્વચ્છતાનો લાભ બધાને મળે.

આ બધી આદતોનું પરિણામ શું આવે છે ? વિચારીએ તો માત્રને માત્ર હિંસા જ થાય છે. પહેલા માખી, મકોડા, કીડી, ઉંદર, મચ્છર અને અન્ય જીવજંતુ થાય આ થઈ પહેલી હિંસા પછી એને મારવા માટે જંતુનાશક દવાનો બેફામ ઉપયોગ કરીએ એ થઈ બીજી હિંસા એનાથી વ્યસન ન હોય એવા માણસો પણ કેન્સર જેવા રોગના ભોગ બને છે. એવા રોગ પાછળ વ્યક્તિ અને કુટુંબો બરબાદ થતા જોયા છે. આજે આ વિષચક્રમાં હિંસાના ચક્રમાં આપણે જાતે જ આપણી જાતને ફંસાવી છે. આપણા મનમાં એક ધરેડ આદત થઈ છે કે ''ગંદકી કરવી એ અમારો જન્મ સિધ્ધ હક્ક છે.'' આ કાર્ય માત્ર વિચાર પરિવર્તન થી જ બદલી શકે છે એમાં સહુનો લાભ છે.

આજે તો અકબર-બીરબલની વાર્તાની જેમ હોજ માં એક લોટો દુધ બધાએ નાખવું પણ એકને વિચાર આવ્યો કે આ બધા દુધ માં હું એક લોટો પાણી નાખીશ તો શું ફેર પડશે ? અને પછી તો બધાને આવો જ વિચાર આવ્યો અને હોજ આખો પાણીથી ભરાઈ ગયો. કદાચ કોઈએ દૂધ નાખ્યું હશે. સ્વચ્છતાની બાબતમાં પણ આપણે આવું જ કરી રહ્યા છીએ.

અહિંસાના પ્રયોગમાં પ્રથમ સ્વચ્છતાનો કાર્યક્રમ છે એનો અર્થ છે કે જે શક્ય હિંસાના કારણો છે અને જે સહજમાં અટકી શકે તેમ છે તે પ્રથમ અટકાવીએ.

આપણે ભ્રષ્ટાચારની બુમો પાડીએ છીએ પણ આ આદત સૌથી મોટો ભ્રષ્ટાચાર છે એ વિસરી ગયા છીએ આ કામ મિનિટોમાં થઈ જાય તેવું છે. એમાં શ્રમ કે શક્તિ કે સંપત્તિની જરૂર નથી માત્ર સમજની જરૂર છે.

હક માંગતા પહેલા ફરજ બજાવવાની છે. ફરજ બજાવો તો હક તો આપોઆપ મળશે. માંગવા નહિ પડે હક આપણા ખોળામાં આવી પડશે.

આ એક ખોટી આદતથી કેટલો બધો શ્રમ-શક્તિ સંપત્તિનો વ્યય થાય છે એ વિચારશું તો આપણે આશ્ચર્યચકિત થઈ જશું.

શ્રમનો વ્યય જોઈએ તો મ્યુનિસીપાલિટી, સરકાર, પંચાયતોએ લાખો માણસો સફાઈ અર્થે રાખેલ છે. તેના પગાર આનાથી થતા રોગચાળાઓ અને એની પાછળ થતા દારૂ-દવાખાનાના અબજો રૂપિયાના ખરચા વ્યક્તિગત અને સરકારો બધાને ભોગવવા પડે છે. સરકાર એટલે તો છેવટે જે ખર્ચ કરે છે તે આપણી પાસેથી ઉઘરાવેલા કરવેરામાંથી જ કરે છે ને !

આ એક વિષચક્ર છે. આમાંથી છૂટવાનો ઉકેલ સાવ સહેલો છે. આ ઉપાય શક્ય કેમ બને ?

આ દેશમાં જે કામ, કાર્યક્રમ થશે તેના પાયામાં ધર્મ હોવો જોઈશે. ધર્મ ને કોઈ નામ કે લેબલની જરૂર નથી. સર્વ ધર્મનો પાયો અહિંસા છે. એને નામ ગમે તે આપો, જૈન-હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી કે ગમે તે નામે ધર્મ હોય પણ દરેકનો મુખ્ય સિધ્ધાંત અહિંસા છે.

આ દેશના દરેક સમુદાયના ધર્મ ગુરૂઓ જો આ કાર્યક્રમને અગ્રતા ક્રમ આપીને પોતાના સમાજને ઉપદેશથી જાતે એ કાર્યમાં લાગીને સમજાવે તો, સમાજ આ વાત તરત ઉઠાવી લેશે. સમાજ પોતાની ભૂલ સુધારી લેવા તત્પર હોય છે માત્ર દિશા બતાવવાની જરૂર છે.

આ કામ સરકાર કે કાયદાઓથી નહિ થાય. એ માત્ર સમજ અને હૃદય પરિવર્તનથી જ શક્ય છે અને એવી શક્તિ. સમજ અને હૃદય પરિવર્તન કરાવવાની ચાવી ધર્મગુરૂઓ પાસે છે. ભારતની પ્રજામાં, આ આર્યભૂમિમાં રગેરગ ધર્મ સમાયેલો છે.

ગાંધીજી એ રાજકરણી નહિ પણ ધર્મ પુરુષ હતા. અહિંસાનો થોડો પણ સ્વાદ જગતને ચખાડ્યો છે તેમણે એ અહિંસાનો પ્રયોગ જ્યાંથી અટકયો હતો ત્યાંથી ફરી શરૂ થાય

**- અનુસંધાન પાના નં.૮ પર**

## જ્ઞાન વિનાની માહિતી
## એક ભયંકર ભવિષ્યનું એંધાણ...!

માહિતીનો યુગ ગણાતા આજના સમયમાં જો આપણે માહિતી અને જ્ઞાનનો ફર્ક નહીં સમજી શકીએ તો ભવિષ્યનું વિશ્વ કેટલું ભયાનક હશે.

આજે ડીઝીટલ યુગ છે. દિવસનો એક-એક જીબી ડેટા ફ્રીના ભાવે મળે છે. છ-સાત વર્ષના બાળકથી લઈને સિત્તેર વર્ષના વૃધ્ધ માણસો ઈન્ટરનેટ પર કંઈક ને કંઈક વાંચી રહ્યા છે, જાણી રહ્યા છે, જોઈ રહ્યા છે. માહિતી મેળવવાની આટલી સરળતા માનવજાતિના ઈતિહાસમાં પહેલા ક્યારેય નહોતી. પરિણામે જેમ અતિશય પુરવઠો માંગ ઊભી કરે તેમ આજનો માનવ દરેક વસ્તુ જાણવા માગે છે. આધ્યાત્મિક જ્ઞાન જે એક સમયે વૃધ્ધાવસ્થાએ પહોંચેલા માણસોનું ક્ષેત્ર ગણાતું એ આજે વીસ-પચ્ચીસ વર્ષના યુવાનોનું ક્ષેત્ર છે. તેઓ ઉપનિષદો વિશેની ઈબુક વાંચે છે. ઓશો, સદ્ગુરુ જેવા આધ્યાત્મિક ગુરુઓના વીડીઓ જુએ છે. સ્ટીફન હોકિંગની બ્રહ્માંડ વિશેની બુક વાંચે છે. તે બધું જ જાણે છે. પણ છતાંય નિરાશ છે, ઉદાસીન છે. આજે બાર-તેર વર્ષનું છોકરું પણ જાણે ઉદાસ થઈને જીવનમાંથી રસ ઊઠી ગયો હોય તેવું સોફા પર બેઠેલું જોવા મળે છે. આવું પહેલા તો ક્યારેય નહોતું. બાર-તેર વર્ષના બાળકનું ધ્યાન તો ખાલી રમત-ગમત અને મસ્તી-તોફાનનો આનંદ લેવામાં રહેતું. હવે એ આનંદ મહદ્અંશે નાશ પામ્યો છે. પણ કારણ શું છે...?

કારણ છે વધુ પડતી માહિતીનો તેના પર થઈ રહેલો માર. માતા-પિતા પોતાના બાળકને રાતોરાત હોંશિયાર બનાવી દેવા માગે છે. તેમને દસ વર્ષના તેમના બાળકને ચોવીસ કલાક એન્ડ્રોઈડ ફોન પર જોઈને આનંદ થઈ રહ્યો છે કે તે બાળક જ્ઞાન મેળવી રહ્યું છે. પણ સત્ય એ છે કે આપણે સૌ એકસાથે એક ભયાનક અંધકાર તરફ બહુ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. કોઈપણ જાતના અનુભવ વગર જ્યારે માણસના મનમાં અતિશય માહિતી ભરી દેવામાં આવે ત્યારે તેનું મન એ માહિતીઓના પૃથક્કરણમાં ગૂંચવાઈ જાય છે. કારણ કે આ તમામ માહિતી બહારથી નાખવામાં આવેલો કચરો છે. એમાનું કંઈ પણ એ મનની પોતાની ઊપજ નથી. આ કંઈક એવું જ છે કે જમીનના એક ટુકડા પર દુનિયાભરની વનસ્પતિનો ઢગલો કરી દેવામાં આવે. શું એ જમીન એમાંથી એકપણ વનસ્પતિને પોષણ આપીને મોટી કરશે...? નહીં. એ બધી વનસ્પતિઓ ધીમે ધીમે સડવા લાગશે અને એક સમયે આપણે તે જમીનના ટુકડાને ઉકરડો કહીશું. હવે એ જમીન પર કોઈ વનસ્પતિને ઉગાડવા માટે પહેલાં એ ઉકરડાને હટાવવો પડશે. બસ આપણા બધાનાં મન પણ એ જમીનની જેમ જ બહારથી નાખવામાં આવેલી માહિતીના ઉકરડા બની રહ્યાં છે. એ ઉકરડા જ્યાં કોઈ નવો રચનાત્મક અંકુર નથી ફૂટી રહ્યો અને મન એ માહિતીઓના પરિણામહીન પૃથક્કરણથી થાકી ગયું છે. અને પરિણામે નિરાશામાં ગરકાવ થઈ ગયું છે. નાની ઉંમરે યુવાનો અને બાળકોમાં વધી રહેલી નિરાશાનું કારણ આ અનુભવ વગરની માહિતીનું બોમ્બાર્ડીંગ જ છે. તેણે બ્રહ્માંડની દરેક આકાશગંગા અને દરેક તારા વિશે વાંચી અને સાંભળી લીધું છે. તેણે શરીરના દરેક કોષ અને અવયવની કાર્યપ્રણાલી વિશે વાંચી લીધું છે. તેણે ગીતા, કુરાન, બાઈબલ અને વેદોના તત્વજ્ઞાનને વાંચી લીધું છે. હવે, એવું કંઈ નથી કે જે તેણે ન સાંભળ્યું હોય. પણ છતાંય તે જેવો હતો તેવો જ છે. તેના જીવનમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. આ બધું જાણીને પણ તેને કોઈ આનંદ કે સંતોષ થયો નથી. અને આવા યુવાનો પછી મોટાભાગે આનંદ મેળવવા નશા અને ડ્રગ્સના રવાડે ચડે છે અને છેલ્લે એ ક્ષણિક આનંદથી પણ કંટાળી જાય એટલે આત્મહત્યા કરી દે છે. પશ્ચિમના દેશોમાં આ સિલસિલો કેટલાક દશકા પહેલાં શરૂ થઈ ગયો હતો અને આપણો દેશ હવે એ દિશા તરફ પૂરપાટ ઝડપે જઈ રહ્યો છે. અને જો આ રીતે જ આપણે ચાલતા રહ્યા તો એ નિશ્ચિતપણે સમજી લેવું જોઈએ કે ૨૦૫૦માં ભારતના પચાસ ટકાથી પણ વધુ મનુષ્યો ડ્રગ્સના બંધાણી હશે અને દર સોએ પચ્ચીસ માણસો જીવનના કોઈના કોઈ તબક્કે આત્મહત્યા કરતા હશે.

તો ઉપાય શું છે...? વાત ફરી ફરીને ત્યાં જ આવીને ઊભી રહે છે - શિક્ષણ વ્યવસ્થા. કેટલીક સદીઓ પહેલાં આ પૃથ્વી પર એક જ શિક્ષણ વ્યવસ્થા એવી હતી જે માહિતી બહારથી મેળવવાના સ્થાને જગત વિશેની માહિતીને પોતાનાં અંદર ઉત્પન્ન કરવાની રીત શીખવતી. દરેક સવાલનો જવાબ પોતાના જ મસ્તિષ્કમાં ખોજવામાં આવતો અને એ જવાબોને માહિતી નહીં પણ જ્ઞાન કહેવાતું. કારણ કે તેની ઉત્પત્તિ પોતાના સ્વઅનુભવથી થઈ હતી. માનવ મસ્તિષ્કમાંથી ઉત્પન્ન થયેલા આ જ્ઞાનથી જ માનવજાતિના અત્યાર સુધીના સૌથી મહાન જ્ઞાનદાયી ગ્રંથોનું નિર્માણ થયું, જેને આજ સુધી કોઈ પહોંચી શક્યું નથી. એ ગ્રંથો ઉપનિષદો હતાં અને એ શિક્ષણ વ્યવસ્થા વૈદિક ગુરુકુલોની હતી. પણ બાકીની માનવજાતિ જે બહારથી જ માહિતી મેળવવાની કોશિશોથી નિરાશ થયેલી હતી તે પોતાની નિરાશાઓથી છૂટવાની કોશિશોમાં સત્તા અને ભોગવિલાસની દોડમાં કૂદી પડી. એ

બાકીની સંસ્કૃતિઓ એક પછી એક ભારતમાં આક્રમણકારીઓ તરીકે આવી અને ધીમે ધીમે માનવ-મસ્તિષ્કમાંથી સત્ય જાણવાની આ દેશની એ ગુરુકુલ વ્યવસ્થાને અંધશ્રધ્ધાનું નામ આપી નષ્ટ કરી દીધી. પરિણામે એ પશ્ચિમી શિક્ષણ પધ્ધતિમાંથી આ દેશમાં પણ નેહરુ જેવા ભણેલા ગણેલા લોકો પેદા થવા લાગ્યા, જે આજીવન માહિતીનો ખજાનો એકઠો કરીકરીને પણ અંતે એક હારેલા, નિરાશ અને કન્ફૂયઝ માણસ તરીકે મૃત્યુ પામ્યા. આજના તમામ ડાબેરીઓ અને સ્યુડો-ઈન્ટેલેક્ચ્યુઅલોનું ભવિષ્ય પણ આ જ છે. પણ દુખ ત્યાં છે કે આખી માનવજાતિ એ દિશામાં દોડી રહી છે. એટલે નિરાશાઓ, ગૂંચવણો અને અંધકારના જે યુગ તરફ આ વિશ્વ જઈ રહ્યું છે એ યુગમાં તેને લુપ્ત થતા બચાવનારો એક જ માર્ગ છે અને તે છે આ દેશની ગુરુકુલ શિક્ષણ પદ્ધતિ. પણ ભારતની સરકારોને આપણી એ શિક્ષણ વ્યવસ્થા ચાલુ કરવા માટે કંઈ એ અંધકારમય યુગની રાહ જોવાની જરૂર નથી. આપણે અત્યારથી જ આજના આધુનિક અભ્યાસક્રમો સાથે વેદાન્તનું અને વૈદિક ગણિત ભણાવવાનું શરૂ કરી શકીએ છીએ. અને એ તત્ત્વજ્ઞાન અને ગણિતનો પોતાના મસ્તિષ્કમાં આત્મસાક્ષાત્કાર થઈ શકે તે માટે યોગ અને ધ્યાનસત્રોનો પ્રેક્ટીકલ અભ્યાસ પીટીના વિષયમાં સામેલ કરી શકીએ છીએ. જે દિવસે આપણે આ કરી દીધું તે દિવસે આ દેશના ઘરઘરમાંથી રામાનુજ જેવા ગણિતશાસ્ત્રીઓ અને વિવેકાનંદ જેવા આત્મજ્ઞાનીઓ પેદા થશે. અને કારણ કે શૂદ્રો અને અન્ય જાતિઓને શિક્ષણ વ્યવસ્થાથી દૂર રાખવાની ભ્રષ્ટતા આજે આ દેશમાંથી જતી રહી છે એટલે આજે તો આપણી એ પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા આપણને પ્રાચીન ભારત કરતાં પણ વધુ શ્રેષ્ઠ પરિણામો આપી શકે છે. - **ડો. કૌશિક ચૌધરી, ગુ. સમાચાર માંથી**

## કપાસીયા તેલ હેલ્થ માટે ઘાતક

કપાસીયા તેલમાં ફેટી એસીડ - PUFA's ની માત્રા વધુ હોવાથી લિયો પ્રોટીન (LDL) કોલોસ્ટોલનું પ્રમાણ વધારે છે. કપાસીયાની સાથે લાલ ઈયળોનું પીલાણ થતું હોવાથી શરીર માટે જોખમી છે. કપાસીયા તેલ ખાવાથી કેન્સર, ડાયાબીટીશ જેવા રોગો થવાની સંભાવના વધારે છે.૧૦૦% ચરબીનું પ્રમાણ છે જેથી રોગો થવાની સંભાવનાઓ વધારે છે અને શરીરની સ્થૂળતા (જાડીયાપણું) વધારે છે. અમેરિકા જેવા વિકસીત દેશમાં કપાસીયા તેલ ઉપર પ્રતિબંધ છે.

જાગો... ગ્રાહક જાગો... થોડા રૂપિયા માટે શરીરના હેલ્થ માટે કોમ્પ્રોમાઈઝ ન કરો. શરીરનું સૌથી મોટું સુખ શરીરની તંદુરસ્તી છે. જનહિતમાં જારી,, મેડીકલ એસોશિએશન, અમદાવાદ - **પ્રે. દિલીપ શાહ, ભાવનગર**

## ધ્યેયપ્રાપ્તિ માટે નિષ્ઠા જરૂરી

આલ્બર્ટ આઈન્સ્ટાઈનને બાળપણમાં તેમના શિક્ષકો મંદબુદ્ધિ વિદ્યાર્થી તરીકે ઓળખતા હતા. માતા-પિતાને પણ ચિંતા હતી કે આલ્બર્ટની જિંદગી કેવી જશે! પણ ધીમે ધીમે એમને ગણિતમાં રસ પડવા લાગ્યો ને એમણે ભૌતિકવિજ્ઞાનનો પણ ઊંડો અભ્યાસ કર્યો ને નોકરી મેળવવા પ્રયત્નો કરવા લાગ્યા. એ માટે એમને ઘણો સંઘર્ષ કરવો પડ્યો પછી એમને પેટન્ટ કાર્યાલયમાં સામાન્ય ક્લાર્ક જેવી નોકરી માંડ મળી. એમની ઈચ્છા અધ્યાપન કરવાની હતી. એમણે મહાવિદ્યાલયમાં અધ્યાપકની નોકરી મેળવવા અરજી કરી, પણ એમને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા. નોકરી દરમ્યાન પણ એમણે ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો. એમની મહેનત રંગ લાવી. વર્ષો પછી એમણે પ્રકાશ સાથે સંકળાયેલા સિદ્ધાંત 'ફોટો ઈલેક્ટ્રિક ઈફેક્ટ' શોધી કાઢ્યો, જેના માટે એમને નોબલ ઈનામ મળ્યું. તે પછી એમણે-જેના માટે એ જાણીતા છે એ સાપેક્ષતાનો સિદ્ધાંત શોધી સમીકરણ E=MC2 પણ શોધ્યું. એ જુદાં જુદાં શહેરોમાં જઈ સાપેક્ષતાના સિદ્ધાંત વિશે વ્યાખ્યાન આપી એને સરળ રીતે સમજાવવા કોશિશ કરતા. દરમિયાનમાં એમને મહાવિદ્યાલય તરફથી બે હજાર ગીલ્ડરના પારિશ્રમિકથી વ્યાખ્યાતા તરીકે નિમણૂક આપવામાં આવી. આ એ વિદ્યાલય હતું જ્યાં એક વાર એમને વ્યાખ્યાતા તરીકે નિમણૂક આપવા અયોગ્ય ગણવામાં આવ્યા હતા.

એમણે સાપેક્ષતાનો સિદ્ધાંત શોધી કાઢ્યો પછી એમની વાહ વાહ થઈ ગઈ એવું નથી. એમને ખોટા પાડવા માટે અનેક વિરોધીઓ મેદાનમાં ઊતર્યા, પણ જે સાચું હતું એને કોઈ કેટલા પ્રયત્નો કરે તો પણ ખોટું કેવી રીતે સાબિત કરી શકે?

થોડ સમય ગયો ત્યાં ખૂબ વિચારવાથી અને તંગ માનસિક સ્થિતિના કારણે આઈન્સ્ટાઈનને આંતરડાંનો રોગ થયો. એ નર્વસ બ્રેકડાઉનનો શિકાર બન્યા. પુસ્તકો, કાગળ, પેન્સિલ અને નોટ્સ વચ્ચે એ વ્યસ્ત રહેતા. નાઝીઓની જંગલિયતે પણ એમનાં કીંમતી પુસ્તકો અને દસ્તાવેજોને બાળી નાખી એમની ઘણી મહેનત પર પાણી ફેરવ્યું, પણ આઈન્સ્ટાઈન ધાર્મિક હતા. આસ્તિક હતા. જીવનમાં જે બન્યું એ સાક્ષીભાવ રાખી પોતાનું કામ કરતા રહ્યા ને અમર બની ગયા. **- પ્રેરણા, બકુલ દવે - સૌ. દિવ્ય ભાસ્કર.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

# વૈજ્ઞાનિક અભિગમ દ્વારા આયુર્વેદનું વિશ્વવ્યાપી પુનરૂત્થાન

અર્વાચીન ચિકિત્સાની અદ્‌ભૂત પ્રગતિ છતાં વિશ્વમાં સ્વાસ્થયની સમશ્યા જટિલ બનતી જાય છે. ઔષધી કેન્દ્રિત એલોપેથીની ઝાકઝમાળ સર્વને આંજી નાખે છે. આ ઉજળી આંધીમાંથી ઉગરવાનો ઉપાય સૌ શોધે છે. પરંતુ અબજો રૂપિયાની લેવડ-દેવડ વાળી દવા-ઉદ્યોગની કંપનીઓની બોલબાલા છે. એમની પહોંચ લાંબી છે-લોબી ખમતીધર છે. આવી ઘોર રાત્રીમાં આયુર્વેદને ઉત્તેજન આપવાનું કાર્ય થોડા છાને ખૂણે થઈ રહ્યું છે. એ આશાના કિરણરૂપ છે. વિશ્વને આયુર્વેદનું વૈજ્ઞાનિક સ્વરૂપનું ભાન થાય તે માટે સંશોધનની - સંકલનની - સંચયનની આવશ્યકતા છે.

કસ્તુરબા હેલ્થ સોસાયટીનું વૈદ્યકીય સંશોધન કેન્દ્ર આ દિશામાં પાયાનું કામ કરી રહેલ છે - કશા ઘોંઘાટ વિના કશા આત્મસ્તુતિના ગાન વિના. મહાત્મા ગાંધીજી એ સેવાગ્રામમાં જે વટ વૃક્ષનું બીજ વાવેલું અને જેનું ડૉ. સુશીલા નાય્યરે અને ધીરુ મેહતા એ સંવર્ધન કર્યું તે કસ્તુરબા હેલ્થ સોસાયટીનું એ સંશોધન કેન્દ્ર મુંબઈમાં (વિલેપાર્લે પશ્ચિમ) માં કાર્યરત છે. છેલ્લા બે દશકાનાં આ કેન્દ્ર દ્વારા થયેલ અવિરત પ્રદાનની એક ઝાંખી આપવાનો આ નમ્ર પ્રયાસ છે.

૧૯૭૯ની સાલમાં ભારતીય વિદ્યાભવને 'પ્રાચિન દર્શન અને અર્વાચીન શોધ' પર એક રાષ્ટ્રીય પ્રકલ્પ આરંભેલ આ પ્રકલ્પના નેતૃત્વ માટે ડો. રાજા રમન્ના, ડો. શાંતિલાલ મહેતા, ડો. અશોક વૈદ્યને આમંત્રિત કરેલા. શ્રી જયપ્રકાશ નારાયણે આ અભિગમ અંગે કહેલ કે ''મારી દ્રષ્ટિએ સ્વતંત્રતા પછી ભારતનો આ સૌથી અગત્યનો પ્રકલ્પ છે.'' આ પ્રકલ્પ હેઠળ સ્વામી પ્રકાશાન્દ આયુર્વેદ સંશોધન કેન્દ્રની સ્થાપના થઈ ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિ વેંકટરામન અને નોબેલ પારિતોષિક વિજેતા ડો. બ્લુમ બર્ગે કર્યું. આ કેન્દ્રમાં ડૉ. અગરકર, ડૉ. સત્યવતી શિરસત, ડૉ. શુમતિ ભીડે, ડૉ. અનિરૂધ જોશી, ડૉ. રંજન ભટ્ટ, ડૉ. જયશ્રી જોશી, ડૉ. અમેરકર, ડૉ. અશ્વિન રાઉત, ડૉ. રમા વૈદ્ય, અને અન્ય ડૉક્ટર - વૈદ્ય - વૈજ્ઞાનિકોએ ડૉ. અશોક વૈદ્યના નેતૃત્ત્વ હેઠળ વીસ વર્ષ પાયાનું સંશોધન કર્યું. આ કેન્દ્ર બન્ધ થયા પછી આ આયુર્વેદ સંશોધકો એ કસ્તુરબા હેલ્થ સોસાયટીમાં કાર્ય ચાલુ રાખ્યું.

છેલ્લાં ત્રીસ વર્ષમાં થયેલ કામનું સરવૈયું આપવું સહેલું નથી. આયુર્વેદના અનેક પાસાં પર ઊંડાણથી કામ ચાલી રહેલ છે. આ પુરુષાર્થની મુખ્ય સિધ્ધિઓ નીચે મુજબ છે.

૧) આયુર્વેદીય વનસ્પતિ ઔષધિઓ પર સંદર્ભગ્રંથો પ્રકાશિત થયા જેમાં ગુગ્ગુળુ, ચુંટેલી વનસ્પતિ, આયુર્વેદિક ઔષધવિજ્ઞાન ઈ. મુખ્ય છે. ઔષધિઓ પર ચર્ચાસત્ર, કાર્યસત્ર પણ આયોજાયા.

૨) હળદરની કેન્સર પ્રતિરોધક શક્તિનું પાયાનું કામ થયું. ખાસ તો ગુટકાથી થતા મુખના કેન્સરને અટકાવવાની શક્તિ. આ કાર્યમાં આગળ પણ કામ ચાલુ જ છે.

૩) પારિજાતનાં પાનની ચટણીનો સફળ ઉપયોગ મેલેરિયામાં થયો રેઝીસ્ટન્ટ મેલેરિયાના જંતુનો પણ વિનાશ થતો જોવાયો.

૪) ડાયાબીટીસ, આર્થરાઈટસ અને હેપેટાઈટીસ માટે ભારતીય રાષ્ટ્રીય ઔષધ અભિયાનમાં કેન્દ્રે ભાગ લીધો. ભલ્લાતક (ભિલામા)નો સંધિવામાં ઉપયોગ, જવનો મધુમેહમાં અને કટુનો કમળામાં ઉપયોગ આ પાયાનાં સંશોધન થયાં.

૫) મોનોપોઝ માટેનો મૈત્રેયી કાર્યક્રમ એક નવું જ પરિણામ આપી રહ્યો. આજે પણ અસ્થિક્ષય, અસ્થિ ભંગ પર પાયાનું કામ થઈ રહ્યું છે.

૬) આ કેન્દ્રે ''વૈદ્ય-વૈજ્ઞાનિક'' ના વિકાસ માટે એક નવો કાર્યક્રમ ઘડ્યો તેજસ્વી વૈદ્યોને આધુનિક વિજ્ઞાનની પણ તાલીમ મળી તેથી આયુર્વેદનાં સંશોધનને બળ મળ્યું.

૭) ઈંગ્લેંડની પાર્લામેન્ટની એક સમિતિએ આયુર્વેદને ન્યુનત્તમ સ્થાન આપેલ આ સમયે ભારત સરકારે એક પ્રતિનિધિમંડળ લંડન મોકલેલ. કેન્દ્રના વૈજ્ઞાનિકોએ રજુ કરેલ સંશોધન પત્રથી ઈંગ્લેડની આ સમિતિ પ્રભાવિત થઈ.

૮) શાળાના વિદ્યાર્થીઓ માટે 'શીલ-વિકાસ' નો સપ્તાંગ કાર્યક્રમ યોજાયો.

૯) આ કેન્દ્રમાં એક ઉત્તમ ફિઝિયોથેરાપી કેન્દ્ર ચાલે છે.

અહીં મંદબુદ્ધિ બાળકો, દિવ્યાંગ બાળકો ઈ. માટે 'અંશુલ' નામનું કેન્દ્ર ચાલે છે.

આ કેન્દ્રના ડૉક્ટરો, વૈદ્યો, વૈજ્ઞાનિકો ભારતમાં અને વિશ્વમાં આયુર્વેદનાં પુનરુત્થાન માટે અદ્‌ભૂત સેવા આપેલ છે જે માટે તેમનું સન્માન થયેલ છે.

**ડૉ. અશોક બી. વૈદ્ય, M.D., Ph.D., IAIM**
કસ્તુરબા હેલ્થ સોસાયટી,
૧૭, ખંડુભાઈ દેસાઈ રોડ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬,
ટે.લિ.: ૦૨૨-૨૬૨૪૬૧૧૯, ૨૬૭૧૫૧૪૭.

## ગાયના ગોબરની રાખ પણ ઉપયોગી

છેલ્લાં કેટલાંક વર્ષથી ગાય અને ગોવંશ પર એટલી વ્યાપક રીતે ચર્ચા થઈ છે કે હવે ભાગ્યે જ કંઈ કહેવાનું રહે છે. આ મુદ્દે વ્યાપક જાગૃતિ સમગ્ર સમાજમાં જોવા મળે છે. પ્રાચીન ભારતની ગોસંસ્કૃતિ એટલી સુંદર હતી કે તે વખતે શુદ્ધ ઘી, દૂધના સેવનને કારણે તંદુરસ્તી જળવાતી હતી અને કિડની, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ, કૅન્સર જેવી કોઈ બીમારી આજના પ્રમાણ જેટલી નહોતી. સમગ્ર સમાજમાં કાર્યક્ષમતા અને ઉત્પાદકતાના ધોરણ ખૂબ જ ઊંચા હતા.

જેવી રીતે પશ્ચિમનાં રાષ્ટ્રોએ ટૅકનોલૉજી સંસ્કૃતિ વિકસાવી છે તેવી જ રીતે ભારતમાં ગોસંસ્કૃતિ છે. દૂધ, ઘી, માખણ અને દૂધમાંથી બનતાં અનેક વ્યંજનો મનુષ્યને પોષક છે. દૂધ એ સંપૂર્ણ ખોરાક છે. ટ્રાન્સપોર્ટનો એટલો વિકાસ થવા છતાં હજુ ગ્રામીણ ભારતમાં ૬૮ ટકા માલસામાનની હેરફેર બળદગાડા દ્વારા થાય છે. જે ખૂબજ સસ્તા દરથી માલસામાન અને ખેતીવાડીના ઉત્પાદનને એક સ્થળેથી બીજે સ્થળે મોકલે છે.

ભારતમાં બળદગાડાની સંખ્યા ૭ કરોડની અંદાજવામાં આવી છે અને હજુ બીજા સાત કરોડ બળદગાડાની જરૂર છે. નંદી એ રાષ્ટ્રના અર્થતંત્રની કરોડરજ્જુ છે. જેટલું સારી રીતે ગોવંશનું સંવર્ધન થશે તેટલો લાભ અર્થતંત્રની તમામ પ્રવૃત્તિને થવાનો છે. પશુપાલન એ અંદાજે સાત કરોડ વ્યક્તિને રોજગારી આપે છે જે ખેતી, હાથશાળના કાપડ બાદનો ત્રીજા ક્રમનો રોજગારી આપતો વ્યવસાય છે.

જો આ ક્ષેત્રને થોડું વ્યવસ્થિત કરીને તેના કેટલા પ્રશ્ન છે તેના ઉકેલ તરફ ધ્યાન આપવામાં આવે તો હજુ બીજા બે કરોડ લોકોને રોજગારી પૂરી પાડવા સક્ષમ છે. ખાસ કરીને ખેતીવાડી માટે જે ગોવંશનું અમૂલ્ય યોગદાન છે તેને શહેરી પ્રજાએ વિશદ્ છણાવટ સાથે સમજવાની જરૂર છે. હજુ એકસો વર્ષ અગાઉ ગાયમાતા પ્રત્યેક કુટુંબ સાથે એવી રીતે જોડાયેલી હતી કે તેમાં આરોગ્ય, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પર્યાવરણ આ સઘળી બાબત આવી જતી હતી.

દાનનો પ્રવાહ હાલમાં ઠીક ઠીક પ્રમાણમાં ગૌસેવા તરફ જઈ રહ્યો છે. ગાયનો ઉછેર તેમની માવજત, શુશ્રુષા તેમ જ તેની સુખાકારી માટે શ્રેષ્ઠ કક્ષાની કામગીરી થઈ રહી છે. કેટલેક અંશે યુવાન પેઢી પણ તેમાં જોડાઈ રહી છે. આ તમામ બાબતો ખૂબજ વિધેયાત્મક છે. ગ્રામ્ય ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ એ ગોવંશ છે જેમાં ગાય, નંદી, સહિતનાનો સમાવેશ થાય છે.

રશિયામાં ૧૯૮૬ એપ્રિલમાં ચેર્નોબીલ ખાતેના અણુમથકમાં અકસ્માત થયો હતો. આથી અણુ કિરણોત્સર્ગ ચારે તરફ હવાને કારણે ફેલાયા હતા. તે વખતે ત્રણ વેમ્પાયર (માલવાહક વિમાન) વિમાનમાં દિલ્હી નજીક હરિયાણાથી નવ ટન જેટલી ગાયના ગોબરમાંથી બનેલી છાણાની રાખ લઈ જઈને અકસ્માત સ્થળની આજુબાજુ તેનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ૧૦ વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય એજન્સી દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું. તેમણે એ વાત સ્વીકારી હતી કે જ્યાં રાખનો છંટકાવ થયો હતો ત્યાં વનસ્પતિ ઊગી હતી. જીવ સૃષ્ટિને તેથી લાભ થયો હતો.

આવી અનેક બાબત વિશ્વમાં અન્ય સ્થળોએ પણ જુદા સ્વરૂપે જોવા મળી હતી. તમામ પ્રકારની ગાયમાં ગીર એ શ્રેષ્ઠ પ્રકારની ગાય છે. ગીરની ગાયની ઓળખ માત્ર તેના રાતા રંગને કારણે નથી, પરંતુ લાંબા કાન તેમજ ગળામાં ઝુલ આ બે બાબતને કારણે છે. તેમજ તેની દૂધ આપવાની ક્ષમતા દૈનિક સવાર સાંજ મળીને પાંચ લિટરથી ૨૦ લિટર સુધી છે. તેમાં ખોરાક-સારસંભાળ વગેરેને પણ ધ્યાનમાં લેવાના રહે છે.

રશિયન વૈજ્ઞાનિક શિરોવીસ દ્વારા લાંબા સંશોધન બાદ એ વાત પુરવાર કરવામાં આવી છે કે ગાયના ગોબરમાં એટોમિક રેડિએશન સામે રક્ષણ પુરૂં પાડવાની ઊંચી ક્ષમતા છે. તેમ જ ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં છાપરાને બદલે ગાયના ગોબરમાંથી બનેલી ચીજનો ઉપયોગ થાય છે ત્યાં ભવિષ્યમાં કદી પણ આવું કિરણોત્સર્ગ પસાર થઈ શકે તેવો ડર રાખવાની જરૂર નથી.

ગાયનું દૂધ આઠ પ્રકારના પ્રોટીન-૨૫ પ્રકારના ખનિજ તત્ત્વ-પાંચ પ્રકારના વિટામિન-એ પ્રકારની સુગર ધરાવે છે. આથી જ તે સંપૂર્ણ ખોરાક ગણવામાં આવે છે. સમૃદ્ધ રાષ્ટ્રમાં દૈનિક ૧૫૦૦ ગ્રામ દૂધનો આહાર તંદુરસ્ત વ્યક્તિને મળે છે. જ્યારે ભારતમાં ૨૮૩ ગ્રામ દૂધ ઉપલબ્ધ છે. અનેક રોગ છેલ્લાં ૫૦ વર્ષમાં વધ્યા છે. તેના કારણમાં આવી બાબત છે. સમાજ તેના પ્રતિ ઉપેક્ષિત છે. ગાય માત્ર ધાર્મિક બાબત નથી, પરંતુ સંપૂર્ણ સમાજના ઉત્કર્ષ, અસ્તિત્વ, રોજગારી, આરોગ્ય અને અનુકંપા સાથે સંકળાયેલી બાબત છે. ઋષિઓએ ગાયને માતા તરીકે ગણીને સમગ્ર મનુષ્ય જાતિની સંરક્ષક ગણી છે જે ઘણું ઉચિત છે. હાલમાં જે જાગૃતિ આવી છે તેને યોગ્ય રીતે વધુ સારા કાર્યમાં પરિણમે તેવી રીતે સામાજિક સંસ્થાઓએ દિશા પરિવર્તન કરવાની જરૂર છે. વધુ સારી રીતે ગૌશાળાઓનું સંચાલન-વ્યવસ્થાપન થાય અને સમગ્ર સમાજ કટિબદ્ધ થાય તેવી ભૂમિકા તૈયાર કરવાનો સમય પાકી ગયો છે. આજની આવશ્યકતા એ સુચારૂ-સંચાલન અને સારા વ્યવસ્થાપનની છે. **- સૌ. મુંબઈ સમાચાર, લે. કિશોર પી. દવે.**

**અનુસંધાન પાના નં.૩ પરથી ચાલુ...**

એના પ્રથમ પગલે છે સ્વચ્છતા, સફાઈ આ ભષ્ટ્રાચારને પ્રથમ ભગાવો અને ખરેખર જે ભ્રષ્ટાચારે આજે આપણને ભ્રમીત કરી નાંખ્યા છે, ભાંગી નાંખ્યા છે એ એની મેળે દૂર થતો જશે.

આ સાવ સહેલો એક પણ પૈસાના ખર્ચ વગર આપણે સહજ કરી શકીએ એવો આ રચનાત્મક કાર્યક્રમ છે. આનાથી માત્ર બાહ્ય સફાઈ નહિ થાય, આપણી અંદર રહેલા વેર, ઝેર, કુસંપના જે બીજો વવાયા છે એ પણ નષ્ટ થશે. આપણે તન-મન-ધનથી પણ સ્વચ્છ થઈશું. ઈશ્વરને આ ભૂમિ પર ફરી એકવાર પધારવાનું સહજ મન થશે. એમનો વાયદો છે ''યદા યદા હિ ધર્મસ્ય'' પણ આપણે એવી સ્વચ્છતા સફાઈ કરીએ તો એ આવેને ! એ તો દ્વારે જ ઊભો છે.

આ ભારતભૂમિ અહિંસાનું એક નિત્યનૂતન દર્શન વિશ્વને કરાવી શકે એવી સર્વ શક્યતા આ કાર્યક્રમમાં રહેલી છે. વિશ્વ પણ આજે આતંદવાદ યુધ્ધ ગરીબાઈ, બેકારી વિગેરેના વિષચક્રમાં જકડાઈ ગયું છે. એમાંથી એને માત્ર અહિંસા જ ઉગારી શકે છે.

અહિંસા એટલે આત્મબળ એક બાજુ અણુબોમ્બ ની ભયાનકતાથી વિશ્વ થર થરી રહ્યું છે. ભયનાં એક માહોલમાં સારુ વિશ્વ જીવી રહ્યું છે એમાંથી ઉગરવાને એક માત્ર ઉપાય અહિંસા - આત્મબળ - આત્મબોમ્બ છે.

## સત્ય પરેશાન થઈ શકે છે પરંતુ પરાજિત નહીં

સત્યના માર્ગ પર હજાર લોકો ચાલવાનું વિચારે છે પરંતુ સો લોકો જ ચાલી શકે છે. નવસો તો વિચારીને જ રહી જાય છે અને જે સો ચાલી નીકળે છે, તેમાંથી માત્ર દસ જ પહોંચી શકે છે. નેવું તો રસ્તામાં જ ભટકી જાય છે. અને જે દસ પહોંચે છે, તેમાંથી પણ માત્ર એક જ સત્યને ઉપલબ્ધ થઈ શકે છે, નવ કિનારે આવીને ડૂબી જાય છે. તેથી જ તો કહે છે કે સત્ય એક છે. યાદ રાખો : સત્ય પરેશાન તો થઈ શકે છે, પરંતુ પરાજિત નહીં.

લક્ષ્મી પૂજાને પાત્ર તો છે પરંતુ ભરોસાને પાત્ર ક્યારેય નથી. લક્ષ્મીની પૂજા તો કરજો પણ ભરોસો ન કરતા જ્યારે ભગવાનની પૂજા ભલે ન કરતા પરંતુ ભગવાન પર ભરોસો હર હાલમાં રાખજો. દુનિયામાં ભરોસાને પાત્ર માત્ર ભગવાન જ છે. લક્ષ્મીનો શું ભરોસો ? તે તો ચંચળ છે. આજ અહીં તો કાલે ત્યાં. જેણે જેણે પણ તેના પર ભરોસો કર્યો છેવટે તેઓ રડ્યા છે.

**- મુનિ તરૂણસાગરજી, - ''પરિત્રાણ'' માંથી સાભાર.**

## સંતો વદે

**એકલ પંડે શિલા ન ઊંચકીએ, કાંઈ નહિ.**
**રસ્તે નડતો પથ્થર હટાવીએ તો ય ઘણું**
**તેથી તો સંતો વદે કરીએ કાંઈક સારું.**
**અવરને અઢળક સુખ ન આપીએ કાંઈ નહિ.**
**દુ:ખની ઘડીમાં કોકનાં આંસુ લૂછીએ તો ય ઘણું**
**તેથી તો સંતો વદે કરીએ કાંઈક સારું.**
**ભોજનનો થાળ ન ધરીએ દરિદ્રને કાંઈ નહિ.**
**ભાણામાંથી રોટલાનો ટુકડો આપીએ તો ય ઘણું**
**તેથી તો સંતો વદે કરીએ કાંઈક સારું.**
**દેશને ખાતર સરહદે લડવા ન જાઈએ કાંઈ નહિ.**
**આંતર શત્રુઓને સૂઝબૂઝથી હટાવીએ તો ય ઘણું**
**તેથી તો સંતો વદે કરીએ કાંઈક સારું**
**વેરાન ભૂમિ પર વન ઊભું ન કરીએ -કાંઈ નહિ.**
**ઘરના આંગણે લીલો છોડ વાવીએ તો ય ઘણું**
**તેથી તો સંતો વદે કરીએ કાંઈક સારું.**

**- શાંતિલાલ ગઢિયા, વડોદરા.**

## પ્રેમ

૧૯૨૩માં ગાંધીજી જ્યારે જેલમાં હતા ત્યારે ગાંધીજીનું કામ કરવાને બદલે જેલ સુપ્રિટેન્ડન્ટે એક હબસીને રોકેલો. સુપ્રિટેન્ડેન્ટને એમ હતું કે આ માણસ કદીયે ગાંધીભક્ત તો નહીં જ બને ને ગાંધીજી પર કડક નજર રાખશે.

એવામાં એક દિવસ એને વીંછી કરડયો એ બિચારો રડતો રડતો આવીને બાપુને ઈશારાથી કહેવા લાગ્યો કે મને આ જગ્યાએ વીંછી કરડયો છે. એક ઘડીની પણ વાર ન લગાડતા બાપુએ ડંખવાળી જગ્યા સારી રીતે ધોઈ. કપડાંથી લુછી, સૂકવી નાખી પછી ડંખની જગ્યાએ પોતે જ મોઢું રાખી ચૂસવા લાગ્યા. એટલા જોરથી ચૂસ્યું કે ઝેર ઓછું થઈ ગયું. પેલા બિચારાની વેદના ઓછી થઈ બાપુએ બીજા ઈલાજ કર્યા એટલે ઝેર ઉતરી ગયું. એણે આખી જિંદગીમાં આવો પ્રેમ અનુભવ્યો નહોતો. તે દિવસથી તે ગાંધીભક્ત બની ગયો.

**સંસ્કાર સૂત્ર**: બુંદથી સાગર સુધી પહોંચાય, ઝેરથી શંકર સુધી પહોંચાય. આ સ્નેહમાં એટલી શક્તિ છે કે પ્રેમથી ઈશ્વર સુધી પહોંચાય. **- ''પરિત્રાણ'' માંથી સાભાર.**

## મિસરી

**''પહેલાં થોડું જાંચ કબીરા, નકરું કાં તુ, વાંચ કબીરા**
**કોઈનું ચી ચીં કોઈનું કા કા, જેવી જેની ચાંચ કબીરા''**

**- હર્ષદ ચંદારાણા, સંદેશ, ૫.૨.૧૭**

## પાછલા જન્મનું રહસ્ય !

સરલાદેવી અને તેમનો પાછલા જન્મનો આજે પણ કોઈક સંબંધ રહેલો છે. આ રહસ્યને ઉકેલવા માટે એક જાણીતી વ્યક્તિએ પણ પ્રયત્ન કર્યો હતો. તેમણે એક એજન્સી બનાવી હતી અને જાંચ એજન્સી તેના સંબંધિતનો રિપોર્ટ જ્યારે ૧૯૩૬માં પ્રકાશિત થયો ત્યારે લોકોએ જાણ્યું સરલાદેવી અને તેમના ભુતકાળ વિશે જ્યારે સરલાદેવી માત્ર ૪ વર્ષની ઉંમરના હતાં ત્યારે તેમને તેમના પાછલા જન્મની યાદો હેરાન કરવા લાગી હતી. આ દિલ્હીમાં રહેનાર સરલાદેવીનું કહેવું હતું કે તેમનું ઘર મથુરામાં છે જ્યાં તેમના પતિ તેમની રાહ જોઈ રહ્યા છે. જ્યારે તેમના પરિવારના લોકોએ તેમની વાતને નજર અંદાજ કરી તો મથુરા પહોંચવા માટે તેમણે છ વર્ષની ઉંમરે જ ઘરેથી ભાગી ગયાં હતાં. જ્યારે તેમનું સ્કૂલમાં એડમિશન કરાવ્યું તો ત્યાં તેમણે બધાને કહ્યું કે તેઓ પરિણીત છે અને તેમના બાળકનો જન્મ થયાના ૧૦માં દિવસે જ તેમનું અવસાન થઈ ગયું હતું.

જ્યારે તેમના અધ્યાપકો અને સ્કૂલમાં ભણતાં બીજા બાળકોની સાથે આના વિશે વાત કરવામાં આવી તો બધાનું એવું જ કહેવું હતું કે તે મથુરાની ગ્રામીણ ભાષામાં વાતો કરે છે અને વારંવાર પોતાના પતિ કેદારનાથનું નામ લે છે.

સ્કૂલના હેડમાસ્તરનું કહેવું છે કે આ ઘટના પછી તેમણે મથુરામાં રહેતા કેદારનાથને શોધી કાઢ્યા હતા જેમની પત્ની લુગ્દીદેવીનું મૃત્યુ બાળકના જન્મના ૧૦ દિવસ પછી થઈ ગયું હતું. કેદારનાથ અને તેમના પુત્રને દિલ્હી બોલાવવામાં આવ્યા. સરલાદેવીની સામે તેમને બીજા નામથી ઓળખાણ કરાવવામાં આવી, પરંતુ સરલાદેવી એ તેમને જોતાં જ ઓળખી ગયા હતા કે તે લુગ્દીદેવીનો પરિવાર છે.

સરલાદેવી કેદારનાથને કેટલીય એવી ઘટનાઓ વિશે જણાવ્યું કે જે તે જાણ્યાં પછી કેદારનાથને વિશ્વાસ થઈ ગયો કે તે તેમની જ પત્ની છે.

આખો મામલો એક જાણીતી  વ્યક્તિની પાસે આવ્યો તેમણે એક જાંચ તપાસ એજન્સીની નિમણૂક કરી. જેમને આ કેસની તપાસ કરવા માટે જવાબદારી આપવામાં આવી. ત્યારબાદ તપાસ અધિકારી સરલાદેવી સાથે મથુરા ગયા અને ત્યાં જઈને તેમણે કેટલીય અજાણી વ્યક્તિઓ સાથે મુલાકાત થઈ.

સરલાદેવી ત્યાં બધાને ઓળખતી હતી. કેદારનાથ અને લુગ્દીદેવીનાં બધા જ સગાં-વહાલાં, ઘર વગેરે બધું જ શાંતિદેવીને ખબર હતી. જ્યારે પોતાનો દેહ ત્યાગ કરવાનો હતો ત્યારે તેમના પતિએ તેમની સાથે કેટલાક વાયદા કર્યા હતા જેને હજુ સુધી પુરા કર્યા ન હતા.

તપાસ કરતી એજન્સીએ એવો નિષ્કર્ષ કાઢ્યો કે સરલાદેવીનાં રૂપમાં લુગ્દીદેવીએ જ બીજો જન્મ લીધો છે.

સરલાદેવી આખી જિંદગી કુંવારા રહ્યાં. પોતાને સાચા સાબિત કરવા માટે તેમને પોતાના જીવનમાં કેટલાય ઈન્ટરવ્યૂમાંથી પસાર થવું પડ્યું. તેમણે અંતિમ ઈન્ટરવ્યૂ પોતાના મૃત્યુના ૪ દિવસ પહેલાં જ આપ્યું કે તેમણે લુગ્દીદેવી એ પોતાના અંતિમ ક્ષણોમાં કેવું દર્દ સહન કર્યું હતું. **- સંદેશ ૧૨.૨.૧૭, સલિલ પટેલ**

## અમૂલ્ય જીવન

એક પ્રખ્યાત વકતાએ હાથમાં સો રૂપિયાની નોટ રાખી ભાષણ આપવું શરૂ કર્યું. આખો સભાખંડ ચિક્કાર ભરેલો હતો. ભાષણ શરૂ કરતાં જ તેણે હાથમાં પકડેલી સોની નોટ બતાવતા પૂછ્યું, ‘કોને જોઈએ છે આ સો રૂપિયાની નોટ ?’

ધીમે ધીમે એક પછી એક હાથ ઉપર થવા લાગ્યા. એણે કહ્યું, ‘ભલે, જેટલાએ હાથ ઉપર કર્યા છે એ દરેકને હું આ સો રૂપિયાની નોટ આપીશ પણ એ પહેલાં મારે કશુંક કરવું છે.’ એમ કહીને એ સો રૂપિયાની નોટનો તેણે ડૂચો વાળી દીધો. ખંડમાં સન્નાટો વ્યાપી ગયો. એ ચૂંથાયેલી નોટ તેણે ધીમેથી ખોલી અને પૂછયું, ‘હજુ પણ આ નોટ કોને જોઈએ છે ?’ ફરી હાથ ઉપર થવા લાગ્યા.

‘ભલે’ કહી એણે એ સો રૂપિયાની નોટ જમીન પર ફેંકી પોતાના બૂટ નીચે કચડી. ફરી ઊંચકી અને ડૂચો વળેલી, પગ નીચે ચગદાયેલી એ નોટ ઊંચી કરી પૂછ્યું, ‘હજુય આવી ખરાબ અને ધૂળવાળી નોટ કોને જોઈએ છે?’ છતાંય બધાના હાથ ઉપર થયા.

‘મારા પ્રિય મિત્રો. ખૂબ મહત્વની વાત આજે આપણે શીખ્યા છીએ. આ નોટને મેં ડૂચો કરી, રગદોળી છતાં તમને જોઈએ છે, કારણ કે તમને ખબર છે કે એનાથી એની કિંમત ઘટશે નહીં, અત્યારે પણ એ સો રૂપિયાની નોટ જ છે. આવી જ રીતે ઘણીવાર જીવનમાં આવતા સંજોગોને લીધે આપણે નીચે પડીએ છીએ, ખોટા નિર્ણય કે ભૂલને લીધે હતાશ, નિરાશ થઈ સંકોચાઈ જઈએ છીએ. આ નોટની જેમ જ ડૂચો વળી જઈએ છીએ અને આપણને લાગે છે કે આપણે સાવ નકામા થઈ ગયા છીએ પણ એવું નથી કંઈ પણ થાય છતાં આપણી કિંમત નથી ઘટતી. આપણે બધા ખાસ છીએ - આ વાત ક્યારેય ન ભૂલતાં.’ - **‘‘ડાયલૉગ અવસર’’ માંથી સાભાર, સંપાદક- દિનેશ કાનાણી**

---

**જે ક્રિયાઓ દ્વારા કષાયો મંદ પડે અને આત્માના ગુણો વિકસિત થાય એ જ ધર્માચરણ છે.**

## તો સાક્ષાત્કાર સરળ છે.

"હે જીવ, સુખ અંતરમાં જ છે, તે બહાર શોધવાથી કદી જ નહિ મળે. અનંત અવ્યાબાધ સુખનો ઉપાય કેવળ સ્વરૂપસ્થ થવું તે જ છે." શ્રીમદ્ રાજચંદ્ર

આવું બધું જાણીને, શ્રીમદ્ જેવા સદ્ગુરુ ચરણનું શરણ ગ્રહીને કે અંતર્યામી આદેશ પ્રમાણે પોતાની વિવેકબુધ્ધિના સહારે, ભાગ્યશાળી જીવ અંતરમાં સુખની શોધ ચલાવવા કમર કસે છે. આ તબક્કામાં જીવે શ્રધ્ધાબળથી બે નિર્ણય કરવાના રહે છે. (૧) ઈંદ્રિયોના ભોગોમાં બાહ્ય જગતમાં ક્યાંય સુખ નથી જ (૨) જ્ઞાનીઓએ કહ્યું છે તેમ અંતરમાં-આત્મામાં જ સુખ આનંદ છે. सम्यगदर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्गः એટલે કે સમ્યગદર્શન, સમ્યજ્ઞાન અને સમ્યક ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે. સમ્યગદર્શનને સમજાવતા કહે છે કે तत्त्वार्थ श्रध्धानं सम्यगदर्शनम् એટલે કે યથાર્થરૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાવાળી જે રુચિ-શ્રધ્ધા તે સમ્યગદર્શન છે જે ગુણ એટલે કે શક્તિના વિકાસથી તત્વની અર્થાત સત્યની પ્રતીતિ થાય, જેનાથી હેય અને ઉપાદેય તત્વના યથાર્થ વિવેકની અભિરૂચિ થાય તે સમ્યગદર્શન. આવું સમ્યગદર્શન કોઈક યોગ્યને બાહ્ય નિમિત વિના જ કોઈ અપૂર્વ ક્ષણે પરિણામ શુધ્ધિના પુરુષાર્થથી સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. તો વળી કેટલાકને બાહ્ય નિમિતથી સ્વપ્રયત્નના ફળરૂપે પ્રાપ્ત થાય છે. તેમ ત્રીજા સૂત્રમાં કહે છે. 'तन्निसर्गादधिगमाद्या-३. જ્યાં પહોંચી નહી શકવાથી, મનની સાથે વાણી પાછી ફરી જાય છે એવા બ્રહ્મનો અનુભવ કરી લેનાર સાધક પછી કોઈથી ડરતો નથી.

એકવાર એ નિર્વિચારના પ્રદેશમાં આવી ગયા તો પછી એ અનુભૂતિ આગળનું કામ કરી લેશે. એટલે કે પછી એ અનુભૂતિ તમારું કેન્દ્ર બની જશે એટલે કે ત્યાંથી પણ વધુ આગળ જવા આ કલમથી લખાતો કોઈપણ શબ્દ તમને વધું ઉપયોગી નહિ થાય પરંતુ એ અનુભૂતિના સહારે જ એ અનુભૂતિને ફરી સ્પર્શી શકાય છે, અને એ અનુભૂતિના નિર્વિચાર દશાના-આગળના પ્રદેશમાં વધુ ડગ ભરી શકાય છે. સદ્ગુરૂની ત્રીજી ઉપયોગિતાઃ- પૂર્વજન્મના મહત પુણ્યના યોગે, સત્શાસ્ત્રના વાચનમાંથી, કોઈ અલ્પકાલીન સંત સમાગમથી કે પૂર્વ સંસ્કારના સ્વપુરુષાર્થથી કોઈક ભાગ્યશાળીને સાધનામાર્ગની કડી હાથ લાગી જાય છે; તે માટે તેણે સદ્ગુરુને શોધીને તેમને શરણે જવું પડતું નથી. એવા યોગ વિના પણ તે સાધનામાં "અમુક માર્ગ" સુધી તો સહેલાઈથી આગળ જઈ શકે છે, તેમાં સદ્ગુરૂની અનિવાર્ય હાજરીની આવશ્યકતા તેને ભાસતી નથી.

આ 'અમુક માર્ગ' એટલે ? તે જરા સ્પષ્ટ કરીએ.

જીવની સાધનામાર્ગની યાત્રા આવી હોય છે. પ્રથમ તો તે કામક્રોધ વિગેરેના અશુભના ઢગમાં દટાયેલો હોય છે, તેણે એ અશુભમાંથી પ્રથમ 'શુભમાં' આવવાનું હોય છે. ક્રોધની સામે ક્ષમા, દોષની સામે પ્રેમ, લોભની સામે ઉદારતા કામની સામે નિષ્કામ-એમ અવગુણોને સદગુણોમાં ફેરવવાનું કાર્ય કરવાનું હોય છે. આ બધા માટે તેણે મન, બુધ્ધિ, વાણીના સહારે પ્રયત્ન કરવાના હોય છે. "હું" એ બધા પ્રયત્ન કરવાના હોય છે અને તેમ કરતાં એવો તબક્કો આવી પહોંચે છે કે જ્યાં મન, બુધ્ધિનું કાર્ય પુરૂ થાય છે. ચેતનામાંથી અશુભ ટળીને શુભની પ્રાપ્તિ થતાં "હું"નું કાર્ય પુરુ થાય છે, પરંતુ પછી દિશા આખી ઉલટાઈ જાય છે. મહાયોગી અરવિંદ ઘોષ આ સ્થિતિનું વર્ણન કરતાં લગભગ આ મતલબનું કહે છેઃ "સાધનામાં બુધ્ધિ, આજ સુધી સહાયક હતી; તે જ અંતરાયરૂપ હોય છે. સાધનામાં આજ સુધી તર્ક સહાયક હતો; હવે તે જ અંતરાયરૂપ છે." બીજા શબ્દોમાં આજ સુધી કાંઈક પણ કરવું એ પુરુષાર્થ ગણાતો હતો. એ કર્તવ્ય મનાતું હતું અને આ રીતે જીવને "કાંઈક પણ કરવાની વાત" સુપરિચિત છે. પરંતુ હવે એ આખી પ્રક્રિયા છોડવાની પળ આવે છે. 'કાંઈ પણ ન કરવું' એ જ હવે કરવાનું હોય છે. હવે એ સમજની ભૂમિકાએ તમે પહોચો છો કે કાંઈપણ પુરુષાર્થ ન કરવો એ જ ખરો પુરુષાર્થ કરવાનો હોય છે. બીજી રીતે કહીએ તો હવે તેણે 'કર્તા' મટીને માત્ર જ્ઞાતા-સાક્ષીની ભૂમિકામાં, શુભમાંથી શુધ્ધમાં આરોહણ કરવાનું હોય છે. કાવ્ય પંક્તિમાં કહીએ તો

પુરુષાર્થ ત્યજવા તણો કેવળ પુરુષાર્થ
માત્ર જ્ઞાતાભાવમાં કાર્ય બધુ સિધ્ધ થાય.

**લેખક : મલુકચંદ આર. શાહ**

## બંસી ગૌશાળા સરનામું

એપ્રિલ ૨૦૧૭ ના અંકમાં છપાયેલ "બંસી ગોશાળા" લેખ વાંચીને ઘણા વાંચક મિત્રોના ગૌશાળાના સરનામા - ફોન નંબર સંદર્ભે ફોન આવ્યા છે તેમની જાણ માટે :

**બંસી ગૌશાળા :**
શાંતિપુરા સર્કલ
એપેક્ષ હોટલ સર્વિસ રોડ,
સાણંદ-અમદાવાદ રોડ, અમદાવાદ.
ફોન નંબરઃ ૯૮૭૯૦૦૨૨૨૨
૯૯૦૯૯૩૦૨૩૪

## એક કરોડ ગ્રીન પરિવાર...

સ્વપ્નને એક ટેવ હોય છે... સાચા પડવાની ટેવ.

મને એક એવો વિચાર આવે છે, જે લગભગ સ્વપ્ન જેવો છે. ગ્રીન જીવનશૈલી કેવી હોય? ગ્રીન જીવનશૈલી એટલે એવી જીવનશૈલી, જે પ્રદૂષણમુક્ત પર્યાવરણને પોષક હોય અને ઊર્જાનો બગાડ કરનારી ન હોય. એક એવી વસાહતની કલ્પના કરો. જ્યાં લગભગ એક હજાર માણસ એવી રીતે જીવતા હોય, જેમાં ગ્રીન જીવનશૈલીનો સ્વીકાર હોય. એ વસાહતમાં આશ્રમજીવનનું મહત્ત્વ હોય કે ન હોય, સાદું છતાંય સહજ અને સભર જીવનનું શમણું જરૂર હોય.

- એ વસાહતમાં રાતે ખુલ્લે બારણે સૂઈ શકાય.
- એ વસાહતમાં શરાબ પીનારું એક પણ કુટુંબ ન હોય.
- એ વસાહતમાં શાકાહારની ઊંચી પ્રતિષ્ઠા હોય.
- એ વસાહતમાં ઑર્ગેનિક ખેતીની બોલબાલા હોય,
- એ વસાહતમાં બધા લોકો એકબીજાને ઓળખતા હોય.
- એ વસાહતમાં સાઈકલ સૌથી લાડકું વાહન હોય.
- એ વસાહતમાં ઊર્જાનો વેડફાટ ન હોય, વીજળીનો વપરાશ ખપ પૂરતો જરૂર હોય અને સૂર્યશક્તિની પ્રતિષ્ઠા હોય. જ્યાં સૂર્યશક્તિ ગેરહાજર હોય ત્યાં જ વિદ્યુતશક્તિ વપરાય એવો વિવેક હોય.
- એ વસાહતમાં રાતનું અંધારું સંપૂર્ણ સલામતીની ખાતરી આપનારું હોય.
- એ વસાહતમાં પ્રાર્થના અંગત વૈભવ હોય, સામૂહિક કક્ષાનો નિયમ નહીં હોય.
- એ વસાહતમાં પ્રાઈવસીની પ્રતિષ્ઠા હોય.
- એ વસાહતમાં નિયમો ઓછા હોય અને ફરજિયાત કશું જ ન હોય.

આ યાદી ઘણી લાંબી થઈ શકે, પરંતુ અહીં બ્રેક મારવી જ રહી.

શું આ સ્વપ્ન અવાસ્તવિક કે અવ્યવહારુ છે? ના, ના, ના... આવી કેટલીક વસાહતોમાં રહેવાનું બન્યું છે. એ વસાહતોમાં સહજને કિનારે જીવનારાં સ્ત્રી-પુરુષો દેવદૂત જેવા જણાયાં છે.

આ મંદિરનું મંદિરપણું આખરે તો માણસને આધારે ટકી રહેલું હોય છે. એક નિશાળ આખરે તો બાળકને આધારે ટકી રહેતી હોય છે. એક હૉસ્પિટલનું અસ્તિત્વ અંતે તો દરદીઓની હાજરીને કારણે હોય છે. માનવમંદિરને બચાવી લેવાનું કામ ઈંટ-ચૂનાનાં મંદિરોને બચાવી લેવા માટે પણ જરૂરી ગણાય છે. માણસ છે તો મંદિર છે, મંદિર છે તો માણસ છે એવું નથી. જીવન અને એમાંય મનુષ્યજીવન એક એવી અમીરાત છે, જેની જાળવણી એ જ ખરી સાધના છે. સાધના એટલે ભારેખમ જીવન નહીં. જીવી જવું એ જ સહજ સાધના અને જીવી ખાવું એ જ જીવતું મૃત્યુ!

જે વસાહતમાં હું અમેરિકામાં પૂરા ચાર મહિના રહ્યો એનું નામ હતું: કોન્ટેમ્પો ટેમ્પી. એ વસાહતમાં માંડ ૫૦૦-૮૦૦ માણસ રહેતા હતા. એ વસાહત એરિઝોનાના રણમાં ટેમ્પી નામના શહેરમાં આવેલી હતી. હું એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીમાં ચાર મહિના માટે પ્રોફેસર હતો. એ વસાહતમાં સ્મિતથી છલકાતાં સ્ત્રી-પુરુષો કોઈ પણ જાતના ઉપદ્રવ વિના રહેતાં હતાં. હું એમાંનો એક હતો. (અહીં માંસાહાર કે મદિરાની છૂટ હતી.)

ટેમ્પી શહેરમાં એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર હતો. એની વિશેષતા મહાત્મા ગાંધીને ગમી જાય એવી હતી. એ સ્ટોરનું નામ મૌલિક હતું: Gentle Strength Store. એ સ્ટોરમાં વેચાતો સાબુ પણ એવો, જેમાં પ્રદૂષણનું તત્ત્વ ન હોય. એમાં ઘઉં વેચાય એ પણ ઑર્ગેનિક ખેતીમાંથી પેદા થયેલા હોય. એ આખો સ્ટોર વેજિટેરિયન જીવનશૈલીના કેન્દ્ર જેવો જણાય. એ સ્ટોરમાં જવાનું બે વાર થયું ત્યારે ગ્રીન જીવનશૈલીમાં દુકાન કેવી હોય એનો ખયાલ આવેલો. આવા જીવનમાં અહિંસાની પ્રતિષ્ઠા આપોઆપ વધી જતી હોય છે. આપણે ત્યાં આશ્રમોનો મહિમા ઓછો નથી. એમાં નીતિ-નિયમોને સહજની દીક્ષા પ્રાપ્ત થાય તો ગ્રીન જીવનશૈલીનો પ્રસાર થાય. ગ્રીન જીવનશૈલીમાં ઈકોલૉજી એ જ ધર્મ!

વસાહત શક્ય ન હોય તો શહેરોમાં બહુમાળી મકાનોમાં નાના ફ્લૅટ્સમાં રહેતા પરિવારના બારણા પર એક તક્તી વાંચવા મળશે: We are a Green Family…

બસ, આટલું થાય એય ઓછું નથી. આવા પરિવારમાં પાણીનો, વીજળીનો અને ઊર્જાનો બગાડ બહુ નહીં થાય. આવાં એક કરોડ કુટુંબો ભારતમાં તૈયાર થાય તો સ્વચ્છ હવાનો, સ્વચ્છ પાણીનો અને સ્વચ્છ જીવનશૈલીનો અઢળક વૈભવ દેશને પ્રાપ્ત થાય. આવો વૈભવ પ્રાપ્ત થાય પછી રામરાજ્ય કેટલું છેટું?

વેલ, સુખી થવું એ મૂળભૂત માનવ-અધિકાર છે.

**- ગુણવંત શાહ, સૌ.ચિત્રલેખા**

### એક અગત્યની સૂચના:

આ અંકથી ''ગૌરક્ષા પાત્ર'' માસિકના પાનાની સંખ્યા ૧૨ થી વધારીને ૧૬ કરવામાં આવે છે. સાથે જ અક્ષરોની સાઈઝ (**FONT**) પણ ૧૪ થી વધારીને ૧૬ કરવામાં આવે છે. આશા છે કે વાંચકો આ ફેરફારને આવકારશે.

## આ છે જિંદગીનો જાદુ

તાજેતરમાં નૅશનલ નર્સ વીક ઊજવાયું. ૬ મેથી લઈને ૧૨ મે સુધી મનાવવામાં આવતા આ નર્સ વીકનું વિશ્વભરમાં મહત્ત્વ એટલા માટે છે કે ૧૨ મેએ વિશ્વપ્રસિદ્ધ નર્સ ફ્લોરન્સ નાઈટિંગલનો જન્મદિવસ છે. ફ્લોરન્સ નાઈટિંગલનું નામ અને કામ તમામને ખબર છે. એમના જેવા સેવાભાવીઓને એક પ્રકારનું પ્રેરક બળ મળતું રહે એ હેતુથી નૅશનલ નર્સ વીકનું આયોજન છેલ્લાં ઘણાં વર્ષોથી કરવામાં આવે છે.

વેલ, આ વાત આજે અહીં એટલા માટે કરવી પડી, કારણ કે એક વિડિયો ક્લિપમાં અમેરિકાની એક જાણીતી હૉસ્પિટલમાં છેલ્લાં ૭૦ વર્ષથી નર્સ તરીકેની કામગીરી બજાવતી ૯૦ વર્ષની નર્સનો જન્મદિવસ ઊજવવામાં આવી રહ્યો છે. બેસ્ટ નર્સનો ખિતાબ અને કવીન તરીકેનો ક્રાઉન પહેરાવવામાં આવે છે. હૉસ્પિટલનો તમામ નર્સિંગ ડિપાર્ટમેન્ટ ત્યાં હાજર છે. હૉસ્પિટલના ડીન અને બીજા અમુક ડૉક્ટર્સ આવીને આ ૯૦ વર્ષની નર્સને બર્થ-ડે વિશ કરે છે તો વળી હૉસ્પિટલના ટ્રસ્ટીનો રેકગ્નિશન લેટર એક સ્ટાફર વાંચતાં કહે છે.

''તમે અમારી સાથે જોડાયા એને ૭૦ વર્ષ થયાં. તમારા કામથી અમને ખૂબ સંતોષ છે. તમે તમારા હૃદયના ખૂણે અગાઢ પ્રેમ, અનુકંપા સાચવીને રાખ્યાં છે. જેનો અનુભવ આપણે ત્યાંની દરેકેદરેક વ્યક્તિએ કર્યો છે. તમે જે લગનથી તમારું કામ કર્યું છે. દરદીઓની સેવા કરી છે એ માટે સલામ. તમે દીર્ઘાયુ રહો અને તમારા એકએક દિવસનો અનુભવ આપણી હૉસ્પિટલને મળતો રહે એ માટે ખૂબ બધી શુભેચ્છા...''

લેટર વંચાયા બાદ હૅપ્પી બર્થ-ડેનું સંગીત શરૂ થાય છે. લોકો તાળીથી વધાવી લે છે. હવે એ ૯૦ વર્ષની નર્સ બધાને સંબોધે છે. એ કહે છે: 'ઓહ, ૭૦ વર્ષ થઈ ગયાં મને અહીંયા... અને હું ૯૦ વર્ષની. ઓહ ગોડ, હું તો હજી પણ એટલી જ જુવાન છું. મને એવું લાગે છે. હજી ગઈ કાલ જ છે. આ હૉસ્પિટલમાં જોડાયાનો મારો પહેલો દિવસ છે. કેટલાં બધાં વર્ષો થઈ ગયાં ને... કામમાં ખબર જ ન પડી. ઓહ, બટ ડોન્ટ વરી... મારી આ રિટાયરમેન્ટ સ્પીચ નથી. હજી તો મારે ઘણું બધું શીખવાનું બાકી છે. હું આજની નવી પેઢી સાથે અને નવી ટેકનોલૉજી સાથે કદમથી કદમ મિલાવવાની કોશિશ કરતી રહું છું અને ખરેખર સાચું કહું તો મને બહુ મજા આવે છે આ રીતે કામ કરવાની. મારા છેલ્લા શ્વાસ સુધી હું પ્રભુ પાસે એટલું જ માગતી રહીશ કે હું આ જ રીતે કાર્યરત રહું. એક વાત આટલાં વર્ષોમાં મેં શીખી છે એ હું અહીંયા શેર કરવા માગું છું... જે પણ કામ કરો એ પૂરેપૂરી લગન સાથે કરો. સો ટકાની જગ્યાએ હજાર ટકા આપો. પછી જુઓ, જિંદગી તમારી જાદુ બની જશે. દર વખતે તમે જિંદગીભર કેટલા રૂપિયા કમાઓ છો એનું મૂલ્ય નથી રહેતું, પણ એક વ્યક્તિ તરીકેનો જવાબ જ્યારે જિંદગીના છેવટના સમયે પોતાની જાતને આપવાનો હોય છે ત્યારે તમને તમારા એ જવાબમાં ગર્વ અનુભવાશે. સચ્ચાઈ અને પ્રામાણિકતાનો રણકો એવો ટકોરાબાજ હોય કે એની સામે જિંદગી જીવવાનું સાચું સુખ સાંપડી જાય છે. મારા ચહેરા પર કે મારા કામ પર તમને ૯૦ વર્ષે પણ આળસની કરચલીઓ એટલી નથી જોવા મળતી, કારણ કે હું આ ફિલસૂફીમાં માનું છું અને એના પગલે જ ચાલી છું.

આ વિડિયો ક્લિપમાં ૯૦ વર્ષની વયોવૃદ્ધ નર્સ થોડામાં ઘણું કહી જાય છે. જો બધા જ કદાચ આ રીતે પોતાનું જીવન ઘડે તો કદાચ કોઈને કોઈ સમસ્યા નડે જ નહીં.

**- મોના શેઠ, સૌ. ચિત્રલેખા**

## મારી આંખોની સંભાળ લેજે ડિયર...

એક અંધ છોકરીની વાત છે. પોતે અંધ હોવાથી પોતાની જાત સહિત એ બધાને ધિક્કારતી હતી. જો કે આમાં એક અપવાદ જરૂર હતો. એ હતો એનો બોયફ્રેન્ડ. એ હંમેશા આ છોકરીની ખૂબ જ સંભાળ લેતો. મદદ કરવા માટે એ હંમેશા તત્પર રહેતો હતો. છોકરીને પણ એના પ્રત્યે લાગણી હતી એથી એ કહેતી કે એને આંખની રોશની પાછી મળી જાય તો એ પોતાના એ બોયફ્રેન્ડ સાથે લગ્ન કરશે. એક દિવસ કોઈએ આ છોકરીને બન્ને આંખ દાનમાં આપી. સફળ ઓપરેશન બાદ એ હવે બધું જ જોઈ શકતી હતી. પોતાના બોયફ્રેન્ડને પણ! બોયફ્રેન્ડ એને પૂછે છે: 'હવે તારી આંખની રોશની તને પાછી મળી ગઈ છે. આ આખું સુંદર જગત હવે તું જોઈ શકે છે... તું મારી સાથે લગ્ન કરીશ ને?' પેલી છોકરીએ શું જોયું? એનો બોયફ્રેન્ડ પણ અંધ હતો. આઘાત અને રોષ સાથે એણે એની સાથે પરણવાનો ઈનકાર કરી દીધો. પેલો બોયફ્રેન્ડ આંખમાં આંસુ સાથે ત્યાંથી એ વખતે ચાલ્યો ગયો, પરંતુ બીજે દિવસે એણે પેલી છોકરીને એક ચિઠ્ઠી લખીને મોકલી, જેમાં એણે આટલું જ લખ્યું હતું:

મારી આંખોની સંભાળ લેજે, ડિયર.

તાત્પર્ય એ કે પરિસ્થિતિમાં પલટો આવે છે ત્યારે સ્વકેન્દ્રી માણસોની માનસિકતા પણ આવી જ રીતે બદલાઈ જાય છે. આવા લોકો તો હોવાના જ. બીજી બાજુ એવા લોકોય હોય છે, જેમની સ્થિતિમાં ભલેને ગમે એટલો સુખદ બદલાવ આવે તો પણ એ પોતાના ખરાબ સમય અને એ વખતના સાથીઓને ભૂલતા નથી. ગમે એવા વિકટ સંજોગોમાં પણ એ સાથ છોડી જતા નથી. **- ''પરિત્રાણ'' માંથી સાભાર.**

## મેરે દિલ મેં આજ ક્યા હૈ ?

આપણે ત્યાં ખેડૂતોના પ્રશ્નોને હંમેશા રાજકીય રૂપ આપવામાં આવ્યું છે અને રાજકીય રૂપના આધારે હંમેશા ખેડૂતોના લાભની વાત લઈને આગળ વધનારા નેતાઓ પણ ઊભા થતા રહ્યા છે. જોકે આ રાજકીય લાભ ખાટવાની માનસિકતા છે. આ માનસિકતા સાથે જો તમે ઊભા રહો તો પરિસ્થિતિ એવી નિર્માણ થાય કે દરેક તબક્કે તમે કોઈ ને કોઈ લાચારીને આધીન થતા જાઓ છો. પછી તે એકલદોકલ વ્યક્તિ હોય કે કોઈ સમાજ, પછી ભલે તે કોઈ શિક્ષક હોય કે કોઈ વિદ્યાર્થી. જે કામ આ દેશમાં અનામતને કારણે થયું છે એ જ કામ આ દેશમાં કિસાનોને આપવામાં આવેલી સુવિધાઓને કારણે પણ થયું છે. મને એ સુવિધાઓની કોઈ પીડા નથી, પણ એ સુવિધા આપવામાં નથી આવતી એવો જે દેકારો વિરોધ પક્ષ કે પછી રાજકીય લાભ ખાટવા માગતી વ્યક્તિ કરે છે એની સામે છે. દેશમાં દર વર્ષે પાકવીમાનો પ્રશ્ન ઊભો થાય છે અને આ દસકાઓનો નિયમ છે. તમે ન્યુઝપેપર સમયસર વાંચતા રહેતા હો તો તમારા ધ્યાન પર આ મુદ્દો આવ્યા વિના રહેશે નહીં.

પાકવીમો અને વ્યાજમાફી.

આ બે મુદ્દા સાથે આગળ વધતા વિરોધ પક્ષમાં બેઠેલા દેશના રાજકીય નેતાઓ એ વાત ભૂલી ગયા છે કે તેમણે રાજકીય લાભ ખાટવાના હેતુની સાથે આ કામ એ સ્તર પર પહોંચાડી દીધું છે કે આ દેશના કિસાન જે લડી લેવાની અને પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ ધરાવતા હતા એ લાચારીના સ્તર પર આવી ગયા છે. કિસાન મહેનતકશ પ્રજા છે. કુદરત સામે બાથ ભીડીને; જમીનમાંથી, ધૂળનાં ઢેફાંમાંથી તે જીવન ઉગાડીને દેખાડવાની ક્ષમતા ધરાવે છે. આ પ્રશ્ન કોઈની સામે લાચાર ન હોય અને એને લાચાર બનાવવાનો પણ ન હોય. જોકે આ કામ માત્ર અને મામૂલી કહેવાય એવી રાહત કે લાભના નામે વિરોધ પક્ષકરી રહ્યો છે. જડતાની આ ચરમસીમા છે, નિર્દયપણાની આ ચરમસીમા છે. આમાં સુધારો કરવો પડશે. માત્ર રાજકીય લાભ ખાટવાની માનસિકતા રાખનારા લોકોએ જ નહીં, લાભ અપાવવાની જેને વાતો કરવામાં આવે છે એ કિસાન ભાઈઓએ પણ આ જ માનસિકતા રાખવી પડશે કે લાલચ અને લાભ વચ્ચે મહાકાય ફરક છે. લાલચ આપનારાઓ અનેક નીકળશે, પણ લાભ આપવાની માનસિકતા બહુ ઓછા લોકોમાં હોય છે. પાકવીમો આપવાની ફરજ સરકારની છે અને એ ફરજ એણે પુરી કરવી જ પડશે, પણ એ ફરજને પૂરી કરાવવા માટે કોઈની મદદ લેવાનો સમય આવે તો માનવું કે તમને તમારી સરકાર પર ભરોસો નથી અને જો લોન લીધા પછી વ્યાજમાફી માટે હાથ ફેલાવવાની નોબત આવે તો માનવું કે તમને તમારા ઈશ્વર પર વિશ્વાસ નથી અને વિશ્વાસ કરવો, ભરોસો રાખવો એ તો કિસાનોના લોહીમાં છે.

**- લે. મનોજ નવનીત જોષી, સૌ. મિડ-ડે**

## ''મારી ફર્ટીલાઈઝરની શોધ અને સિદ્ધાંત ખોટો હતો...''

''ભગવાન મને માફ કરે મેં ફર્ટીલાઈઝરની શોધ કરીને બહુ મોટું પાપ કર્યું છે.''

''મારો કેમિકલ ફર્ટીલાઈઝરનો સિદ્ધાંત, થીયરી અને શોધ તદ્દન ખોટી હતી. તેના કારણે જમીનમાં રહેલા કરોડો બેક્ટેરીયા અને અર્થવાર્મ (અળસીયા) જેવા જીવો મરી જાય છે. તેમની હત્યા થઈ જાય છે. જમીન નિર્જીવ (ડેડ) બની જાય છે. ફર્ટીલાઈઝરો ગરમ હોવાથી જમીનનો ભેજ ખતમ થઈ જાય છે. પાકોને નુકશાન થાય છે. સેન્દ્રિય તત્વોનો નાશ થાય છે.''

''ફર્ટીલાઈઝરથી ઉત્પન્ન અન્ન, ફળો વગેરે ખાવાથી મનુષ્યોમાં રોગો અને મૃત્યુનું પ્રમાણ વધ્યું છે. તેના કારણે પાકોમાં પણ જીવાતો અને રોગોનું પ્રમાણ વધ્યું છે. મારી શોધના વિનાશક અને ભયાનક પરિણામો જોયા પછી મને ખૂબજ પસ્તાવો અને દુ:ખ થઈ રહ્યું છે. હું સમગ્ર માનવ જાતિનો, કુદરત અને ભગવાનનો ગુનેગાર છું.''

**ફર્ટીલાઈઝરના શોધક, જર્મન વૈજ્ઞાનિક શ્રી જસ્ટન લીબીગેની કબૂલાત.**

**- સૌ: શ્રી દિનેશ દેઢિયા, Whatsapp.**

---

''જ્ઞાન એ દોરો પરોવેલ
સોય જેવું છે.
દોરો પરોવેલ સોય
ખોવાતી નથી
તેમ જ્ઞાન હોવાથી સંસારમાં
ભૂલું પડાતું નથી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર**

---

**વિચારને વાવો અને કર્મ લણો**
**કર્મને વાવો અને ટેવ લણો**
**ટેવને વાવો અને ચારિત્ર્ય લણો**
**ચારિત્ર્યને વાવો અને ભવિષ્ય લણો - સૌ.જીવનસ્મૃતિ**

## 'અંત:કરણનો અવાજ' ખરેખર ફીલ કરી શકાય ?

વિશ્વની એંશીથી વધુ ભાષાઓમાં જેનો અનુવાદ થયેલ છે અને જેની વીસ કરોડથી વધુ નકલો વેચાયેલ છે તે દિવ્ય પુસ્તક 'એલ્કેમિસ્ટ'ની પ્રસ્તાવનામાં જગતના ટોચના ખ્યાતનામ લેખક પોલો કોએલો આપણને એક જ સૂચન કરે છે: 'આપણે સહુએ પોતાના અંત:કરણના અવાજ પ્રત્યે જાગ્રત થવું જરૂરી છે.' કોએલો માત્ર સૂચન કરીને છટકી જતા નથી, પરંતુ આપણને ઘડ પાડીને સમજાવે છે કે, 'અંત:કરણનો અવાજ' ખરેખર શું છે ? તેમની ભરવાડના છોકરાની કથા 'એલ્કેમિસ્ટ' વાચકને અહેસાસ કરાવે છે કે હા, અંત:કરણનો અવાજ ખરેખર ફીલ કરી શકાય છે. જોકે, અંત:કરણના અવાજ માટે અંગ્રેજી શબ્દ આપે છે: Personal calling . અને પછી પોતે જ પ્રશ્ન પૂછી પોતે જ ઉત્તર પણ આપે છે : What is a personal calling. It is God's blessing, it is the path that God chose for you here on earth. હવે આ જવાબને સ્વીકારીએ તો જીવન લાજવાબ બની જાય. એ સાદો અવાજ નથી, એ અવગણી શકાય તેવો સંદેશ નથી, કારણ કે એ પર્સનલ કોલિંગ તો મારા જીવનનો માર્ગ બતાવે છે. એ અવાજ ચુકાઈ જાય તો જીવનનો રાહ ફંટાય જાય, કારણ એ અવાજની તો ઉત્સાહની ભાષા છે.

આ અંત:કરણનો અવાજ શું છે ? તે પરમના આશીર્વાદ છે. આ પૃથ્વી પર તમારા માટે પરમ તત્ત્વએ કંડારેલો એ માર્ગ છે. જ્યારે આપણે કંઈક એવું કરીએ કે જેને લીધે આપણે ખૂબ જ ઉત્સાહ અનુભવીએ ત્યારે આપણે તે માર્ગને અનુસરતા હોઈએ છીએ. એમાં પણ મુશ્કેલી આવે ત્યારે તો પરમ તત્ત્વનો અવાજ આશા જેવો લાગે અને તેને કશું જ વિચાર્યા વગર અનુસરવા લાગી જઈએ છીએ. 'કીમિયાગર' નામથી જેનું ગુજરાતી ભાષાંતર થયું છે તે 'એલ્કેમિસ્ટ' પુસ્તકમાં ઘેટાં ચરાવવા નીકળેલા એક ભરવાડ છોકરાની કથા છે. તે ગુરુકુળમાં ભણ્યો છે, તેને વાંચવાનો શોખ છે, તેને પાદરી થવું ન હતું, ખૂબ ભમવું હતું, તે પુસ્તક સાથે જ રાખે અને રાત્રે સૂતી વખતે પુસ્તકને ઓશિકું બનાવી શાંતિથી ઊંઘી જવા ટેવાયેલો છે, તે વાતોડિયો છે, તે થાક્યા વગર મથ્યા કરવાનો શોખીન છે. તેની સાથે ચાલતા ઊંટચાલક સાથે ભરવાડના છોકરાને મૈત્રી થઈ ગઈ.

એક વાર ઊંટચાલકે પોતાની વાત કરી. 'હું અલ-કૈરમની નજીકમાં રહેતો હતો. મારે મારો ફળનો બગીચો હતો. મારાં બાળકો હતાં અને એક એવી જિંદગી હતી કે હું મરું ત્યાં સુધી એ બદલાય તેવી નહોતી. એક વર્ષ ખૂબ સરસ પાક થયો અને અમે બધાં મક્કા હજ પર ગયાં અને એ રીતે મેં મારા જીવનની આજ સુધી પૂરી ન કરેલી ફરજ પણ પૂરી કરી દીધી. હવે હું શાંતિથી, ખુશીથી મોતને ભેટી શકું, પણ ત્યાં જ એક દિવસ ધરતી ધ્રુજવા લાગી અને નાઈલ નદીનું પાણી કિનારેથી ધસી આવ્યું. આવું મારી સાથે થાય તે હું માની જ નહોતા શકતો. મારા પડોશી, મારી પત્ની, મારાં બાળકો અમે સૌ ડરી ગયાં. જમીન તો ખલાસ થઈ ગઈ અને મારે હવે જીવનનિર્વાહ માટે કંઈ બીજું કરવાનું જરૂરી બન્યું એટલે હું હવે આ ઊંટચાલક બન્યો. પણ પેલી મુશ્કેલીને લીધે હું અલ્લાહની આજ્ઞાને સમજી શક્યો. મને એવો સંદેશો મળતો રહ્યો કે, 'જો લોકો પોતાને જરૂરી અને જોઈતું મેળવવાને સક્ષમ હોય તો તેમણે અજાણ તત્ત્વોનો ડર નહીં રાખવો જોઈએ.' દોસ્ત, મને ત્યારે સમજાયું કે આપણી પાસે છે તે જતા રહેવાનો ડર આપણને રહે છે. પછી તે આપણી જિંદગી હોય કે માલિકીની ચીજવસ્તુ કે માલમિલકત હોય, પણ જ્યારે આપણે સમજીએ કે આપણા જીવનની કથા અને આ દુનિયાનો ઈતિહાસ એક જ હાથે લખાયેલ છે, ત્યારે આપણા એ ડરનું બાષ્પીભવન જ થઈ જાયછે.'

જીવનમાં કશુંક નોંધપાત્ર પ્રદાન કરનાર હસ્તીઓ પોતાના 'અંત:કરણના અવાજને જ અનુસર્યા છે, કારણ આ હસ્તીઓને બે સત્યો સંભળાયાં છે: (૧) જીવન રણ છે. રણમાં પ્રવેશ કરો પછી પાછા જવાનું નામ ન લેવાય, અને તમે પાછા ન જઈ શકો તો આગળ જવાના શ્રેષ્ઠ રસ્તાની જ તમારે ચિંતા કરવી રહે, બાકી બધું પરમ તત્ત્વ પર છોડી દેવાનું, જોખમ પણ. (૨) જ્યારે આપણે કંઈક મેળવવાની ઈચ્છા મનથી કરીએ છીએ ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે.

સપનાં કદી તમારી આંખોમાં નથી આવતા કે તમને કશું કહેતા નથી, પણ એ તમારો પીછો કરે છે. તમે કોઈ સપનું જુઓ ત્યારે એ સપનું તમારા મોં પર ચીસો પાડીને એવું નથી કહેતું કે, તું કોણ છે અને તારે આખી જિંદગી આ જ ક્ર્યા કરવાનું છે. સપનું બહુ ધીમા અવાજે તમારા કાનમાં ગણગણે છે અને હું મારાં બાળકોને હંમેશાં એક વાત કહું છું કે જિંદગીમાં સૌથી અઘરી બાબત તમારી અંત:સ્ફુરણાને સાંભળવી છે. તમારી અંગત માનવીય સ્ફુરણા હંમેશા તમારા કાનમાં ધીરેથી ગણગણે છે, એ કદી બૂમો નથી પાડતી, તમારે તમારી જિંદગીમાં રોજ જ આ ધીમા અવાજને સાંભળવા તૈયાર રહેવું પડે. આ અવાજ ભાગ્યે જ બંધ થાય છે પણ તમે તેને સાંભળો એ મહત્ત્વનું છે. તમે તેને સાંભળી શકો અને એ તમારા હ્રદયને સ્પર્શી જાય.

**- સંદેશ-કિશોર મકવાણા, તા.૨.૪.૧૭ 'દિવ્ય ભાસ્કર'**

**અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...**

સાધુ મહારાજ મધુર હાસ્ય કરી સદાશિવનો ખભો દબાવતા બોલ્યો. 'જો જો ભાઈ ભૂલે ચૂકે ક્યારેય સંન્યાસ લેતાં નહીં, હજી તમારી પાસે મારે ઘણા કામ કરાવવાના છે. હવે તૂ મારી આજ્ઞાનું પાલન કર.'

કાલે તૂ વર્તમાનપત્રમાં જાહેર ખબર આપ, જે કોઈ માણસ આર્થિક રીતે પીડાતો હોય તેને દર મહિને અમુક રકમ જ્યા વિના ભેદભાવે અન્નદાન થતું હોય ત્યાં આપવી, અને તેની રસીદ સાચવી રાખવી. એક વરસમાં જો તેની સ્થિતિ સુધરે નહી તો તે તમામ બાર માસની રસીદો નીચેના સરનામે આપી એક સામટી બધી રકમ આ ફર્મમાંથી લઈ જવી. પાવતીઓ કેટલાયે હજારો કે લાખો રૂપિયાની હશે બધી રકમ એક સામટી જ ચૂકવાઈ જશે.

બોલ તને આ સેવા કબૂલ છે. સદાશિવભાઈ હસતાં હસતાં બોલ્યા, 'મહારાજ! તમે તો મને ઘેર બેઠા સાધુ બનાવી દીધો. આવું કરતા તો હું પૂરો ભિખારી થઈ જઈશ તો યે મને તેનો આનંદ થશે.' બહુ વરસો સુધી જાહોજલાલી, સમૃદ્ધિ ભોગવી, હવે મને ભિખારી થવાનું દુ:ખ નહીં થાય.

સાધુ હસતા હસતા બોલ્યા, અરે! તું શું ભિખારી થવાની વાત કરે છે. તારી પાસે એકપણ વ્યક્તિ પૈસા માગવા નહીં આવે અને તું પણ આનાથી વધારે કમાઈશ. બસ મારી અને તારી આ છેલ્લી મુલાકાત રહેશે, મારે તને લોક-કલ્યાણ માટે ઊભો કરવો હતો, તું હવે પૂરેપૂરો લોક-કલ્યાણ માટે ઊભો થઈ ચૂક્યો છે, માટે તારો મારો સંબંધ આજથી પૂરો થયો. બસ લોક-કલ્યાણ કરી આ દેહને તું સાર્થક કર.

થોડા વરસો પછી ફરી એ ફર્મનો લેખ પ્રસિદ્ધ થયો. એમણે લખ્યું મે બે વર્ષ પહેલા જનકલ્યાણમાં આ લેખ પ્રસિદ્ધ કર્યો હતો. હજુ સુધી મારી પાસે એકપણ માણસ પૈસા માગવા આવ્યો નથી. જો તમારી સ્થિતિ સારી ન હોય તો મારા પાસે પૈસા માંગતા મુંઝાશો નહીં. મારૂ ખુલ્લુ ફરીથી આમંત્રણ છે.

આ વાત સાંભળી મારા મસ્તકમાં લાઈટ થઈ, હું ટેલિફોન ઓફિસમાં મારા મિત્રો પાસેથી રકમ ઉઘરાવવા લાગ્યો. પૈસાની રસીદ એમના ઘરના સરનામે જતી. જેથી કોણ કેટલા આપે તેની કોઈને ખબર પડે નહીં, નાની રકમ આપનારને પણ શરમ આવે નહીં.

દર વર્ષે હું તેમને પૂછતો તમારા પૈસા પાછા આપું? તેઓ કહેતા- 'ના, ના પૈસા પાછા નહી આપતા ઊલટા આજથી અમો વધારે પૈસા આપવાના છીએ.'

હું બજારમાં નીકળું, કોઈ દુકાનદાર આર્થિક તકલીફની વાત કરે તો હું તેમને કહું આ મારું નામ - આ મારો ટેલિફોન નંબર છે- દર મહિને જ્યાં વિના ભેદભાવે દાન થાય છે ત્યાં દાન કરો. એક વરસમાં તમારી સ્થિતિ ન સુધરે તો આ ફોન ઉપર ફોન કરજો. હું સ્વયં તાત્કાલિક તમારી દુકાને આવીને તમારી પાસેથી બધી રસીદો લઈને તમને પૂરાપૂરા પૈસા ચુકવી દઈશ.

આ કાર્યને ૨૫ વર્ષથી વધારે થવા આવ્યા છે પરંતુ આજ સુધી એકેયજણ મારી પાસે પૈસા માંગવા આવ્યા નથી અને હવે કેટલાકની દાનની રકમ દર મહિનાની જે હતી તેના કરતા તેઓએ વધારી છે.

મનુષ્ય થઈને આપણે સમાજકલ્યાણ કરીશું તો જ આ માનવ દેહ સાર્થક કરીશું. સાચા સદ્ભાવ અને પ્રેમથી સમાજ-કલ્યાણ કરનાર માણસને સ્વયં પરમાત્મા ૨૪ કલાક તેમની સેવામાં હાજર રાખે છે આ મારો પ્રત્યક્ષ અનુભવ છે અને જગતમાં આવા સેંકડો હજારો લોકો છે.

હા-ભગવાનને પ્રત્યક્ષ જોઈ શકાય છે. તેના માટે ફક્ત સાચી પ્રિતી હોવી જોઈએ.

**- ''ગુજરાત સમાચાર'' માંથી સાભાર.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. જ્યોત્સનાબેન મેહતા | - વિલેપાર્લા | ૫૦૦/- |
| ૨. ચંદ્રા શાહ | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૩. લાલજી સ્મૃતિ મંદિર | - માલસર | ૧૦૦/- |
| ૪. હિતેશ પી. જોગીયા | - વડોદરા | ૧૦૦/- |
| ૫. કમલેશભાઈ પંડ્યા | - માલસર | ૧૦૦/- |
| ૬. ધીરૂભાઈ વોરા | - બોરિવલી | ૧૦૦/- |

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code : IFSC BKID 0000031**

આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય
ડો. અશોકભાઈ બી. વૈદ્ય, વિલેપાર્લે (પ.)
તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની
લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

**''ગૌરક્ષા પાત્ર'' માસિક**
**સંપાદક : શ્રી રમેશભાઈ દોશી**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા**
**શ્રી મનોજ રાજગુરૂ**

## કલિયુગમાં દાન - એક સત્યકથા

સદાશિવ નામે એક વ્યક્તિ, તેની પત્ની અને તેના બે પુત્ર મળી કુલ ૪ વ્યક્તિનો પરિવાર હતો. દરિદ્રતા એવો ભયંકર રોગ છે જેથી કંટાળી ઘણી વ્યક્તિ આત્મહત્યા કરે છે. આ સદાશિવ ભાઈને પણ એવું જ કંઈક હતું. ૪-૪-૮-૮ દિવસ ખાવાના ફાંકા પડે, અને છોકરા ભુખથી ટળવળતા હોય તે તેમનાથી જોવાતું નહિ. એક દિવસ તેઓ ગાડી નીચે આત્મહત્યા કરવા જવાનો વિચાર કરી નીકળી પડ્યા.

તે સમયે રસ્તામાં તેમને એક સાધુ મળ્યા. તેમણે સદાશિવભાઈને કહ્યું ભાઈ આત્મહત્યા કરવી તે પાપ છે, આવું પાપ તું ન કરીશ, અને જો તારા ઊદરનિર્વાહની વાત હોય તો તેના માટે તને એક સરળ માર્ગ બતાવું છું.

આજથી તારે એક કામ કરવાનું છે, તને જે કંઈ ઉપાર્જન મળે તેમાંથી તારે થોડુંક ખાવાનું કોઈ ગરીબ છોકરાને આપવાનું. વિશ્વાસ રાખજે તને એક વરસ પછી હું તને તારા ઘરે મળીશ.

સદાશિવભાઈના મન પર પેલા સાધુનો પ્રભાવ પડ્યો. તુટ્યુ ફૂટ્યુ જે કંઈ મળે તેમાંથી તે એકાદ બે ગરીબ છોકરાને ખાવા આપવા લાગ્યો. અને તેની પરિસ્થિતિ સુધરવા લાગી, તેના છોકરાઓ સ્કૂલમાં જવા લાગ્યા. તેનો ધંધો સારો ચાલવા માંડ્યો. બે વર્ષ પછી પેલો સાધુ સદાશિવભાઈનું નામ પૂછતા પૂછતા તેમની દુકાને આવ્યા. સદાશિવભાઈને સમાચાર પૂછયા, સદાશિવભાઈ આ દ્રશ્ય જોઈ ભાવવિભોર બની તેમના પગે પડી ગયા અને બોલ્યા, 'મહારાજ! તમે મને ન મળ્યા હોત તો મારા પૂરા કુટુંબનો સર્વનાશ થઈ ગયો હોત. આજે હું ખૂબ સુખી છું, બસ મને તમારી સેવા કરવાનો અવસર આપો.'

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

સાધુએ કહ્યું, અત્યારે નહીં ૫ વર્ષ પછી આપીશ. પરંતુ આ સેવા કરવાનું ચૂકીશ નહીં. સદાશિવભાઈએ કહ્યું, 'મહારાજ આ સેવા તો મારા જીવનના અંત સુધી નહીં છોડીશ.'

સાધુ ૫ વર્ષ બાદ પાછા આવ્યા. હવે તો સદાશિવભાઈનું નાનું ઘર અને સારી એવી દુકાન થઈ ગઈ હતી. સદાશિવભાઈએ ભાવપૂર્વક સાધુ મહારાજને સેવા માટે ખૂબ આગ્રહ કર્યો. સાધુ બોલ્યા, તારી આમદનીમાંથી ૨૫ ટકા અન્નદાન માટે વાપરજે.

ત્યારબાદ ફરી ૫વર્ષ બાદ સાધુ મહારાજ સદાશિવભાઈની દુકાને પધાર્યા. આ સમયે સદાશિવભાઈને તો મોટો બંગલો-મોટી દુકાન બે મોટરો આવી ગઈ હતી. સદાશિવભાઈએ પેલા સાધુ મહારાજને ખૂબ આજીજીથી કંઈક સેવા આપવા માટે વિનંતી કરી. તેનો ભાવ જોઈ તેને કહ્યું જો તું મને કંઈ આપવા માટે આટલી આજીજી કરે છે તો તારૂ દાન તારી આમદનીના ૫૦ ટકા કરજે.

બરાબર ૧૦ વર્ષ પછી સાધુ ફરીથી સદાશિવભાઈની દુકાને આવ્યા. હવે તો સદાશિવભાઈને ત્યાં ૪૦-૫૦ નોકર-ચાકર હતા. છોકરાઓ સારૂ ભણીગણીને દુકાનમાં જ કામ કરતા હતા. ઘરમાં ૪ મોટરો હતી, સૌ માટે એક એક મોટર, સદાશિવભાઈ ગદ્‌ગદ થઈ રડતા રડતા બોલ્યા, ''મહારાજ, આ વખતે તમે મારાથી કેમ રિસાયા છો? હું તમારા દર્શન માટે વર્ષોથી વ્યાકુળ હતો. મારી પહેલાની હાલત તમે જોઈ હતી, આજની હાલત જુઓ છો. હવે મને સમૃધ્ધિ જોઈતી નથી. મારે સન્યાસ લેવો છે. આવતી કાલે જ તમારી હાજરીમાં હું સન્યાસ લઈ લઉ.''

**- અનુસંધાન પાના નં.૧૫ પર**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પ.), મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧,**
૯૪૨૭૬૬૩૪૭૩- Email: doshir65@gmail.com
Web: www.gorakshapatra.org.
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,